પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૦૪ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૪-૨૦૨૨ શનિવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### બ્રિટન સાથે મળીને ભારત વિકાસની દિશામાં આગળ વધશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## પ્રધાનમંત્રી મોદી અને બ્રિટનના PM બોરિસ જ્હોનસન વચ્ચે દિલ્લીના હૈદરાબાદ હાઉસ ખાતે ખાસ બેઠક યોજાઈ

નવીદિલ્હી,

બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જ્હોનસન બે દિવસના ભારત પ્રવાસે છે. આજે ૨૨ એપ્રિલે એમના પ્રવાસનો બીજો દિવસ છે. ગુજરાતની મુલાકાત બાદ બોરિસ જ્હોનસન દિલ્લી પહોંચ્યા હતાં. જ્યાં પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે તેમનું ભવ્ય સ્વાગત કર્યું. પીએમ મોદીએ દિલ્હીમાં જ્હોનસનનું જે પ્રકારે શાનદાર સ્વાગત કર્યું જે રીતે આવકાર આપ્યો એ જોતા જ્હોનસન ખુબ જ ગદગદિત થઈ ગયાં હતાં. ગાર્ડન ઓફ ઓનર આપીને મોંઘેરા મહેમાનનું સન્માન કરવામાં આવ્યું. પીએમ મોદીએ બ્રિટનના પીએમને પોતાના મિત્ર કહીને સંબોધ્યા, તો બોરિસ જ્હોનસનને પણ મોદીની દોસ્તીનો રંગ લાગ્યો. પ્રધાનમંત્રી મોદી અને બ્રિટનના પીએમ બોરિસ જ્હોનસન વચ્ચે દિલ્લીના હૈદરાબાદ હાઉસ ખાતે ખાસ બેઠક યોજાઈ.

બ્રિટનનાં વડાપ્રધાન સાથેની બેઠક બાદ મોદીએ કહ્યું- આઝાદીના અમૃતકાળ દરમિયાન બોરિસનો ભારત પ્રવાસ ઐતિહાસિક છે. તમે તમારા ભારત પ્રવાસનો પ્રારંભ સાબરમતી ખાતે ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપીને કર્યો છે. ભારત અને બ્રિટન આ દાયકામાં સંબંધોને દિશા આપવા માટે રોડમેપ ૨૦૩૦ લોન્ચ કર્યો હતો. આજની વાતચીતમાં રોડમેપની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી છે અને લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા છે. એટલું જ



નહીં આ બેઠકમાં આ દરમિયાન બંને દેશો વચ્ચે સુધારાઓ, અમારી માળખાકીય આધુનિકીકરણ યોજના અને પાઈપલાઈન પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું- અમે બ્રિટનની સાથે મળીને આગળ વધીશું.

બ્રિટનમાં ભારતીય મૂળના ૧૫ લાખ લોકો છે, જેઓ ત્યાંની જીડીપીમાં ૬% યોગદાન આપે છે. બ્રિટનમાં લગભગ ૧ લાખ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. બ્રિટન અને ભારત વચ્ચે છેલ્લા બે દાયકામાં બિઝનેસ ૩ ગણો વધ્યો છે. ગયા વર્ષે ભારતે રૂ. ૫૧,૦૫૪ કરોડની આયાત કરી હતી જ્યારે નિકાસ રૂ. ૭૯,૦૦૦ કરોડ હતી. સર્વિસ સેક્ટર સહિતનું ટર્નઓવર ૩.૮૧ લાખ કરોડ રૂપિયા છે.

બ્રિટને ૨૦૦૪માં ભારત સાથે વ્યૂહાત્મક ભાગીદારીની શરૂઆત કરી હતી. તેણે આતંકવાદ, પરમાણુ પ્રવૃત્તિઓ અને નાગરિક અવકાશ કાર્યક્રમમાં ભારતનો સાથ આપ્યો છે. બ્રિટન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદએટલે કે યુએનમાં ભારતના કાયમી સભ્યપદનું સમર્થન કરે છે. વ્યાપાર અંગેની વાતચીત કરતા પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યુંકે, છેલ્લાં લાંબા સમયથી ભારત યુએઈ અને ઓસ્ટ્રેલિયા સાથે મળીને મુક્ત વ્યાપાર કરી રહ્યું છે. તે અંગેના મુક્ત વેપાર કરાર પણ કરવામાં આવ્યાં હતાં. એજ પ્રકારની વ્યવસ્થા સાથે અમે બ્રિટનની સાથે મળીને વિકાસના કામોમાં આગળ વધીશું. એટલું જ નહીં આ બધા સિવાય રશિયા-યુક્રેન યુદ્ધ પણ આજની બેઠકનો મહત્વનો મુદ્દો હશે. અત્યાર સુધી ભારત આ મામલે તટસ્થ વલણ અપનાવી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું અમે તમામ ક્ષેત્રોમાં બ્રિટન દ્વારા આત્મનિર્ભર ભારતના સમર્થનને આવકારી આપીએ છીએ.મોદીએ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અંગે ચર્ચા કરી હતી. મોદીએ કહ્યું કે અમે યુક્રેનમાં તાત્કાલિક યુદ્ધવિરામ અને સમસ્યાના નિરાકરણ માટે વાતચીત અને કૂટનીતિ પર ભાર મૂકવા કહ્યું. અમે તમામ દેશોની પ્રાદેશિક અખંડિતતા અને સંપ્રભૂતાના આદરનું મહત્વ પણ જણાવ્યું.ઉલ્લેખનીય છેકે, પીએમ મોદી સાથેની મુલાકાત પહેલાં બોરિસ જ્હોનસન ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરને પણ મળ્યાં હતાં. આ દરમિયાન બંને દેશો વચ્ચે વિસ્તૃત ભાગીદારી અને ભારત-યુકે રોડમેપ ૨૦૩૦ના અમલીકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બ્રિટિશ વડાપ્રધાન રાજઘાટ પર જઈને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મુક્ત વેપાર કરાર ઉપરાંત, 'અર્લી હાર્વેસ્ટ ડીલ પર પણ નિષ્ણાતોની નજર રહેશે. માલ અને સેવાઓ અને રોકાણો તેમજ ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, જીયોગ્રાફિકલ ઈન્ડીકેશન જેવા મુદ્દાઓ સાથે સંકળાયેલા આ ડીલ પર એક કરાર શક્ય છે. આ ઉપરાંત બંને નેતાઓ દ્વારા ફ્રી એન્ડ ઓપન ઈન્ડો-પેસિફિક પર પણ ભાર મૂકવામાં આવશે. ભારત અને બ્રિટન બંને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને બધા માટે ખુલ્લા રાખવાના પક્ષમાં છે.ભારતના પ્રવાસે આવેલા બ્રિટનના પ્રધાનમંત્રી તેમના શાનદાર સ્વાગતથી ખુશ થઈ ગયા. પ્રધાનમંત્રી મોદીએ ફોટો ટ્વીટ કરીને કહ્યું કે, મિત્ર, તમને અહીં જોઈને સારું લાગ્યું. પીએમ મોદીએ બોરિસ જોનસન સાથે થનારી બેઠક પહેલાં જ ટ્વીટ કર્યું. અને કહ્યું કે, ભારતમાં તમારા પ્રવાસની રાહ હતી. ત્યારે આજે તમને અહીં જોઈને ખુશી થઈ રહી છે મારા મિત્ર બોરિસ જોનસન. શાનદાર સ્વાગતથી ખુશ થયેલા બોરિસ જોનસને પ્રધાનમંત્રી મોદીને આભાર માન્યો. આ પહેલાં મે આટલું શાનદાર સ્વાગત ક્યારેય નથી જોયું.

## એલઆરડી ભરતી આંદોલનનો સુખદ અંત, ૨૦ ટકા વેઈટિંગ લિસ્ટ સરકાર જાહેર કરશે

ગાંધીનગર,

રાજ્યમાં લાંબા સમયથી ચાલી રહેલા આંદોલનનો સુખદ અંત આવ્યો છે. ૨૦ ટકા વેઈટિંગ લિસ્ટ રિ-ઓપન કરવાની ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા જાહેરાત કરાઈ છે. હવે ઉમેદવારોના હિતમાં વેઈટિંગ લિસ્ટ બનાવાશે. રવિવાર બપોર સુધીમાં ઑફિશિયલ જીઆરડી થઈ જવાની જાહેરાત કરી. તેમજ ગૃહરાજ્ય મંત્રીએ એલઆરડી ઉમેદવારોની બાધાના પારણાં કરાવ્યા. આ જાહેરાત સાથે જ ઉમેદવારો અને ગૃહમંત્રીએ એકબીજાનુ મોઢું મીઠું કરાવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે, ગૃહરાજ્ય મંત્રી દ્વારા બપોરે ૧૨.૩૯ કલાકે એટલે કે વિજય મુહૂર્તમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

લોકરક્ષક ભરતી લિસ્ટ ઓપરેટ કરવા બાબતે ગૃહરાજ્ય મંત્રીએ કહ્યુ કે, ૨૦૧૮ માં કુલ ૧૨૧૯૮ જગ્યા ભરતી માટે પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ૨૦૨૦ માં પરિણામ જાહેર થયું હતું. ત્યારે વેઈટીંગ લિસ્ટ ન હતું. ઉમેદવારોની લાગણી અને માંગણી હેઠવ વેઈટીંગ લિસ્ટનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી યુવાનોને રોજગાર મળશે. પોલીસ અને પબ્લિકના રેશિયોમાં ઘટાડો થશે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, ભરતી પરીક્ષામાં સતત વધી રહેલા ગુનાઓને બનતા અટકાવવા માટે અને કાયદો વ્યવસ્થા સાચવવા પહેલી વાર વેઈટીંગ લીસ્ટ ૨૦ ટકા કરવામાં આવ્યું છે. આ નિર્ણયથી વય મર્યાદા વટાવી ચુકેલા ઉમેદવારોને સરકારી નોકરીની તક મળશે. પોલીસ બેડામાં વધારે ઉમેદવારો મળશે. પરમ દિવસ બપોર સુધી પરિપત્ર કરવામાં આવશે.જો કોઈ ઉમેદવાર પર આંદોલન દરમિયાન કોઈ નાના મોટા કેસ દાખલ થયા હશે તો કાયદાની જોગવાઈમાં રહી બનતી પુરતી મદદ સરકાર દ્વારા યુવાનોને કરવામાં આવશે. સરકારે એલઆરડી ઉમેદવારોને વાયદો આપ્યો હતો એ પુર્ણ કર્યો છે. પુરુષની ભરતીમાં ૨૦ ટકા વેઈટીંગ લિસ્ટ ઓપરેટ થશે. મહિલા ઉમેદવારોનું વેઈટીંગ લિસ્ટ ક્લીયર કરી દેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, એસઆરડી આંદોલન બાબતે યુવાનોએ એનક પ્રકારની બાધા રાખી. જયદિપ સિંહ નામના ઉમેદવારે ચાની બાધા લીધી હતી, તો એક યુવાને ચપ્પલ પહેરવાની બાધા રાખી હતી, ત્યારે જયદિપસિંહને ગૃહરાજ્ય મંત્રીએ ચા પીવડાવી બાધા છોડાવી હતી. ઉમેદવારને ચાના પારણા કરાવ્યા હતા.

## જીગ્નેશ મેવાણીને આસામ કોર્ટે ૩ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો

કોકરાઝાર,

આસામના કોકરાઝાર જિલ્લાની મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટની અદાલતે ગુરુવારે ગુજરાતના સ્વતંત્ર ધારાસભ્ય અને દલિત કાર્યકર્તા જીગ્નેશ મેવાણીની જામીન અરજી ફગાવી દીધી હતી અને તેને ત્રણ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો હતો. ઝત્તસ્ કોર્ટના આદેશ બાદ મેવાણીના વકીલોએ મીડિયાને જણાવ્યું કે તેઓ તેમના જામીન માટે હાઈકોર્ટમાં અપીલ કરશે. આ પહેલા ગુરુવારે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ધરપકડ અંગે મીડિયા સાથે વાત કરતા દાવો કર્યો હતો કે તેઓ મેવાણીની ઓળખ કે તેમની ધરપકડ વિશે જાણતા નથી.

આસામ પોલીસે મેવાણીની ધરપકડના વિગતવાર કારણો શેર કરવાનો ઈનકાર કર્યો હતો, જે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કન્વીનર પણ છે. જો કે, અન્ય એક પોલીસ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે મેવાણીની ધરપકડ ૧૮ એપ્રિલે કરવામાં આવેલા ટ્વિટ દ્વારા કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીના સંબંધમાં કરવામાં આવી



હતી.

ગુજરાતના વડગામ વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા મેવાણીની બુધવારે રાત્રે આસામ પોલીસની એક ટીમે ગુજરાતના પાલનપુર શહેરમાંથી ધરપકડ કરી હતી.મેવાણીને ગુરુવારે સવારે ગુવાહાટી લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને રોડ માર્ગે કોકરાઝાર લઈ જવામાં આવ્યા હતા. આસામ રાજ્ય કોંગ્રેસ એકમ, જેણે ગુજરાત ધારાસભ્યની ધરપકડનો વિરોધ કર્યો હતો.

કોંગ્રેસે મામલાની તપાસ માટે પોતાની કાનૂની ટીમ કોકરાઝાર મોકલી છે. આસામ કોંગ્રેસના પ્રમુખ ભૂપેન કુમાર બોરાએ આક્ષેપ કર્યો હતો કે આ પોલીસનું કાવતરું અને ગુંડાગીરી છે.

## વડોદરાના DSP પન્ના મોમાયા સહિત ગુજરાત પોલીસના ૨૫ અધિકારીઓ IPS બન્યા

વડોદરા,

કેન્દ્ર સરકારે પહેલીવાર ગુજરાત પોલીસના ૨૫ અધિકારીઓને આઈપીએસ તરીકે પ્રમોશન આપ્યા છે.જેથી હવેથી રાજ્ય સરકારના આ અધિકારીઓ કેન્દ્ર સરકાર હસ્તકના ગુજરાત કેડરના આઈપીએસ બન્યા છે.

યુપીએસસીની સિલેક્શન કમિટીએ વર્ષ-૨૦૨૦ના ગુજરાત પોલીસ સર્વિસ કેડરના ૨૫ અધિકારીઓને આઈપીએસ (ગુજરાત કેડર) તરીકે પસંદગી કરી છે.જેમાં વડોદરામાં તાજેતરના તોફાનોમાં તાબડતોબ સાંઈબાબાની મૂર્તિ સ્થાપન કરી આરોપીઓને ઝડપી પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર ડીસીપી પન્ના મોમાયાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત આ અધિકારીઓમાં વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં ત્રણ વર્ષ સુધી ફરજ બજાવી અનેક ગુનાઓનો ભેદ ઉકેલનાર અને હાલમાં જ અમદાવાદ ખાતે ટ્રાન્સફર થયેલા ડીસીપી જયદિપસિંહ જાડેજા તેમજ વડોદરામાંથી તાજેતરમાં બદલી થયેલા ડીસીપી જયરાજ સિંહ વાળા અને એન્ડ્રૂઝ મેકવાનનો પણ સમાવેશ થાય છે. આ સાથે હવેથી આ અધિકારીઓના સોલ્ડર અને કેપના મોનોગ્રામ બદલાશે.

## રાષ્ટ્રપતિએ માલદીવમાં ભારત વિરુદ્ધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો

નવીદિલ્હી,

હિન્દ મહાસાગરમાં ભારત માટે સ્ટ્રેટેજિક રીતે ખાસ મનાતા દેશ માલદીવમાં ભારત વિરુદ્ધ વિરોધ પ્રદર્શન અને કોઈ પણ પ્રકારના કેમ્પેઈન ચલાવવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.ત્યાંનાં રાષ્ટ્રપતિએ જાહેર કરેલ આદેશ મુજબ કોઈ પણ પ્રકારના ભારત વિરુદ્ધના પ્રદર્શનને માલદીવની સુરક્ષા માટે ખતરો માનવામાં આવશે અને આ પ્રકારના પ્રદર્શનો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.માલદીવના રાષ્ટ્રપતિએ સ્પેશ્યલ આદેશ જાહેર કરતાં મલદિવમાં ભારત વિરુદ્ધ કોઈપણ વિરોધ પ્રદર્શન અને કોઈ પણ પ્રકારના કેમ્પેઈન ચલાવવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

માલદીવ્મ છેલ્લા કેટલાક મહિનાઓથી 'ઈન્ડિયા આઉટ' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેને લઈને રાષ્ટ્રપતિને આ આદેશ




જાહેર કરવો પડ્યો છે. ભારત વિરુદ્ધ પ્રદર્શન પર પ્રતિબંધ લગાવવાનો આદેશ રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ મોહમ્મદ સોલીહે જાહેર કરવો પડ્યો છે. જેનો હેતુ ઉકસાવનારા નારાઓ, અભિયાનો અને વિરોધ રોકવાનો હતો. માલદીવમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ભારત વિરોધી કેમ્પેઈન ચાલી રહ્યા છે અને માલદીવ સરકારે કહ્યું હતું કે જે કેમ્પેઈન ચાલી રહ્યા છે તે બંને દેશો વચ્ચેના સંબંધો ખરાબ કરી શકે છે અને ક્ષેત્રની શાંતિ અને સુરક્ષા જાળવવામાં વિક્ષેપ ઊભો કરી શકે છે.

રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ મોહમ્મદ સોલીહે તમામ અધિકારીઓને કાયદાના નિયમો સહિત કલમો અનુસાર પગલાં લેવા માટે આદેશ આપ્યો છે. માલદીવની સ્થાનિક ધિવેહિ ભાષામાં જાહેર આ આદેશમાં કહેવામાં આવ્યું હતું કે દેશમાં તૈનાત રાજ્યનાયકો અને રાજનાયિક મિશનોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ દેશનું કર્તવ્ય છે.

ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા સોશ્યલ મીડિયા પર ભારતીય રાજનાયકન ધમકીઓ આપવામાં આવી હતી અને સોશ્યલ મીડિયામાં ભારત વિરુદ્ધ કેમ્પેઈન ચલાવવામાં આવ્યું હતું અને તેને લઈને સરકારે ભારતીય મિશનને વધારે સુરક્ષા આપવાનું નક્કી કર્યું હતું. માલદીવમાં આવતા વર્ષે રાષ્ટ્રપતિનું ચૂંટણી આવે છે. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ્લા યામીન ચીનની વધારે નજીક હતા અને ચીન સાથે સારા સંબંધો પણ ધરાવતા હતાં. તેઓ જેલમાંથી બહાર આવ્યા ત્યારથી ભારત વિરોધી અભિયાનનો ચહેરો બની ગયા છે.રાજધાની માલેમાં તેમના નિવાસસ્થાનની બહાર ''ઈન્ડિયા આઉટ'' બેનર લટકેલું જોવા મળ્યું હતું. જો કે પછીથી પોલિસી ગુરુવારે કોર્ટને આદેશ આપ્યો હતો અને તેને હટાવવામાં આવ્યું હતું.

## વિઝા આપવા કે નહીં તે સરકારે નકકી કરવાનું છેઃ સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

તબલીગી જમાતમાં લોકોને વિઝા મામલે બ્લેક લિસ્ટ કરવા મામલે સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કોઈપણ વિદેશીને ભારતના વિઝા મેળવવાનો અધિકાર નથી, કોઈ વ્યક્તિને બ્લેક લિસ્ટ કરવાના કિસ્સામાં કેન્દ્ર દ્વારા નોટીસ જાહેર કર્યા બાદ સતાવાળાઓ કેસ બાય કેસ વિઝા અરજી પર નિર્ણય લેશે. જસ્ટીસ એ.એમ. ખાનવિલકરની બેન્ચ આગામી ૧૦ વર્ષ સુધી તબલીગી જમાતના કાર્યક્રમમાં ભાગ લેનારા ૩૫ દેશોના લોકોને બ્લેકલીસ્ટ કરવા સામે દાખલ અરજીઓની સુનાવણી કરી રહી હતી.

કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ બેન્ચને જણાવ્યું હતું કે વિઝા આપવો કે નકારવો તે એકઝીકયુટીવ નિર્ણય છે. વિદેશી નાગરિકો તરફથી હાજર એડવોકેટ સી.યુ.સિંઘે કહ્યું હતું કે સેંકડો વિદેશી નાગરિકોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા હતા. તેઓ આવતા ૧૦ વર્ષ સુધી વિઝા માટે અરજી નહીં કરી શકે. જેના પર સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું હતુ કે તમને શું એમ લાગે છે કે જયારે પણ તમે અરજી કરો ત્યારે તમને વિઝા મળી જાય? ના, એવું બિલકુલ નહીં થાય. વિઝા આપવા કે નહીં તે સરકારે નકકી કરવાનું છે. બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે જે કેસોમાં આરોપી નિર્દોષ છુટયા છે. તેમના બ્લેકલિસ્ટ આપોઆપ ખતમ થઈ જવા જોઈએ.

## ગાંધીનગરમાં HPCLના સીનિ. કોમકો ઓફિસર ૧.૧૦ લાખની લાંચ લેતા ઝડપાયા



ગાંધીનગર,

ગાંધીનગરમાં એસીબીની ટીમે સપાટો બોલાવીને એચપીસીએલના સીનિ. કોમકો ઓફિસરને ૧.૧૦ લાખની લાંચ લેતા ઝડપી લીધા છે. સિનીયર કોમકો ઓફિસર (કંપની મેનેજમેન્ટ કંપની ઓપરેટેડ ઓફિસર) મુલચંદ ધોલપુરીયા કે જેઓ પેટ્રોલ પંપ પર સુપર વાઈઝર તરીકે નોકરી કરે છે અને કર્મચારીઓને હેરાન નહી કરવાના, નોકરી માંથી છુટા કરીને નવા કર્મચારીઓ નહી રાખવા તથા આ કર્મચારીઓનો પગાર વધેલો હોય તો કર્મચારી દીઠ રૂ. ૪૫૦૦ થી રૂ.૫૦૦૦ લેખે લાંચની માંગણી કરી હતી.

ગાંધીનગર ખાતે આવેલ એચ.પી પેટ્રોલ પંપ પર સુપર વાઈઝર અને અન્ય ૨૯ કર્મચારીઓ કામ કરે છે , જેમાં પાંચ મહિલા કર્મચારીઓ પણ નોકરી કરે છે. એ સી બી ના આરોપીએ ફરિયાદીને મહિલાઓને બાકાત રાખી બાકીના ૨૪ કર્મચારીઓને હેરાન નહી કરવાના, નોકરી માંથી છુટા નહી કરી નવા કર્મચારીઓ નહી રાખવા તથા આ કર્મચારીઓનો પગાર વધેલ હોય કર્મચારી દીઠ રૂ.૪૫૦૦ થી રૂ.૫૦૦૦ લેખે રાઉન્ડ ફીગર રૂ.૧.૧૦ લાખની લાંચની માંગણી કરી હતી.

આ લાંચના નાણાં ફરિયાદી આરોપીને આપવા માંગતા ન હોય એ.સી.બીનો સંપર્ક કરતા ફરિયાદીની ફરિયાદના આધારે બે પંચો સાથે રાખી લાંચના છટકાનું આજરોજ આયોજન કરતા આ કામના આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, લાંચની માંગણી કરી, લાંચના નાણાં રૂ. ૧.૧૦ લાખ સ્વિકારી લાંચના છટકામાં પકડાયેલ છે .

જોકે, મહત્વની બાબત તો એ છે કે, ભ્રષ્ટાચારનું પ્રમાણ ઓછું થાય તે માટે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પરંતુ જાણે કે, કેટલાક લોકોએ ન સુધારવાની હાથ પકડી હોય એવું લાગી રહ્યું છે અને લાખો રૂપિયાની લાંચ લેતા રંગે હાથે એસીબીના છટકામાં ઝડપાય છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

તાબાવાલા નરૂદીનભાઈ હુસેનીભાઈ

મુ. આગાસવાણી, તા. ધાનપુર, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કંજેટાવાલા મોઈજભાઈ હસનઅલી

મુ. સીંગાવલી, તા. ધાનપુર, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલીયા શકાભાઈ મનસુખભાઈ

મુ. ઘોડાઝર, તા. ધાનપુર, જી. દાહોદ

**મહિસાગર આવૃત્તિ**

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકાના વાગ્યા ખુટ ગામે કાર અકસ્માત સર્જાયો.**

સંતરામપુર તાલુકાના વાંઝીયા ખુટ ગામે સામસામે બે કાર ભટકાતા અકસ્માત સર્જાયો હતો. અંદર બેઠેલા વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. પોલીસે ઘટના સ્થળે પહોંચીને અકસ્માત ગુનો દાખલ કર્યો વધુ તપાસ હાથ ધરવામાં આવી.

## ગોધરા દેવ તલાવડી પાછળ ભાગેશ્રી માર્કેટીંગ ફેકટરી માંથી ૧.૯૦ લાખના મશીનરીની ચોરી કરતા ચોર ઈસમો

ગોધરા,

ગોધરા દેવ તલાવડીના પાછળના ભાગે આવેલ ભાગેશ્રી માર્કેટીંગ નામની ફેકટરીના દરવાજાનું તાળું તોડી અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કરી રૂપીયા ૧,૯૦,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ ચોરી કરી જતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા દેવતલાવડીના પાછળના ભાગે ભાગેશ્રી માર્કેટીંગ નામની ફેકટરી આવેલ હોય રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમોએ ફેકટરીના દરવાજાનું તાળું તોડી પ્રવેશ કરી મીઠાઈના બોકસ બનાવવાના મશીનો, ટેબીંગ મશીન, ગ્રાઈન્ડર, એમ.સી.વી.સ્વીપ નંગ–૬, સીલીંગ ફેન, ફનીચર મળી કિંમત ૧,૯૦,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ધોરણ ૭નું પેપર ફૂટ્યું, બે દિવસ પૂરતી પરીક્ષા રદ

ભાવનગર,

ગુજરાત રાજ્યમાં હાલમાં પરીક્ષાઓ ચાલી રહી છે. સમગ્ર રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં અત્યારે પરીક્ષાઓ ચાલી રહી છે અને સરકારી શાળાઓમાં બોર્ડ પરીક્ષા પદ્ધતિ મુજબ એક સરખા પ્રશ્નપત્રો જ સમગ્ર રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં લેવાય છે. ભાવનગરના તળાજા તાલુકાની નેસવડ પ્રા. શાળામાંથી વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રની ચોરી થઈ છે હોવાથી ૨૨ અને ૨૩ એપ્રિલના રોજ યોજાનાર ધોરણ ૭ની પરીક્ષા સરકારે રદ કરી છે. સોમવારથી રાબેતા મુજબ પરીક્ષા યોજાશે.ગુજરાતી સિવાયના અન્ય માધ્યમમાં પણ એના એ જ પ્રશ્નપત્રો ભાષાંતરિત થઈને પૂછાતા હોવા છતાંય ગુજરાતી સિવાયના અન્ય માધ્યમોની પરીક્ષા રદ કરી નથી.

નોધનીય છે કે, તળાજાના નેસવડની પ્રાથમિક શાળામાં પરીક્ષાના પેપરની ચોરી થઇ હતી. જેમાં ધોરણ ૬, ૭ અને ૮ના પેપરની ચોરી થઈ છે. તેમજ ગઈરાત્રે શાળાના તાળા તોડી પેપર ચોરવામાં આવ્યા છે. તેમાં સીલ પેક કવરમાંથી બે-બે પેપરની ચોરી કરવામાં આવી છે.

પેપર ચોરીને લઈ એસપીએ જણાવ્યું છે કે પોલીસની તપાસ શરૂ છે. તેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ,એસજીઓ, ડોગ સ્કવોડ તપાસમાં જોડાઈ છે. પ્રાથમિક શાળાના પ્રશ્નપત્રો ચોરાયાની રાજ્યમાં પ્રથમ ઘટના બની છે. તેથી પ્રશ્નોપત્રો ચોરાતા ૨૨ અને ૨૩ તારીખની પરીક્ષા રદ કરવામાં આવી છે. તેમજ તળાજા કોંગ્રેસના ધારાસભ્ય કનુ બારૈયા શાળાની મુલાકાત લેશે.

## World Earth Day નિમિતે સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે વિવિધ કાર્યક્રમ યોજાયા



ગોધરા,

૨૨ એપ્રિલ "વર્લ્ડ અર્થ ડે" નિમિતે સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે મિકેનિકલ ઈજનેરી વિભાગ ના વિદ્યાર્થીઓ માટે પ્રો.હાર્દિક શુક્લના કોર્ડિનેશનમાં અને આચાર્ય પ્રો. એ.કે.પટેલના સહયોગ હેઠળ ISHRAE સ્ટુડન્ટ ચેપ્ટર GEC GODHRA અને ISHRAE અમદાવાદ ચેપ્ટરના સહયોગ થી વિવિધ કાર્યક્રમો યોજાઈ ગયા. જેમાં વિદ્યાર્થીઓને પૃથ્વીને સંતુલનમાં રાખવા માટે, તેની હરિયાળી જાળવી રાખવા/વધારવા માટે વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા અને એર કન્ડિશન સિસ્ટમનું તાપમાન ૨૪ ડિગ્રી અથવા એનાથી વધુ રાખવાનું નક્કી કર્યું હતું. જેનાથી ૬% વધારે વીજળીની બચત થઇ શકે છે અને પૃથ્વીનું પર્યાવરણ જાળવવામાં મદદરૂપ થઇ શકાય છે. આ ઉપરાંત વડોદરાના જાણીતા નિષ્ણાંત રોહિત દવે એ "Start up oopportunity in HVAC R industry" વિષય પર અને વટવાના જાણીતા ઉદ્યોગકાર અને ISHRAE અમદાવાદ ચેપ્ટરના પાસ્ટ પ્રેસિડેન્ટ પ્રશાંતભાઈ પાઠકનું "Career opportunity in HVAC R industry" અને ISHRAE સ્ટુડન્ટ ચેપ્ટરની પ્રવુતિઓની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પ્રો. એ.જે.શેઠ, પ્રો. વિપુલ ભટ્ટ, પ્રો. રાકેશ સોની, પ્રો. દીક્ષિત પાઠક, પ્રો. નિતિ દેસાઈ, પ્રફુલભાઇ ભીમસેન વિગેરેનો સહકાર મળી રહ્યો હતો.

## મુખ્યમંત્રીએ બગોદરા-તારાપૂર ૫૪ કિલોમીટર માર્ગના ૬ લેનનું લોકાર્પણ કર્યુ

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, દેશ અને દુનિયાના લોકો ઉદ્યોગ-વેપાર રોકાણો માટે ગુજરાત પર પસંદગી ઉતારે છે તેના મૂળમાં રાજ્યની સુદ્રઢ કનેક્ટીવિટી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે રેલ, રોડ, એર કનેક્ટીવિટીનું જે બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવ્યું છે તેણે રાજ્યના વિકાસને રોલ મોડેલ તરીકે પ્રસ્થાપિત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૬૪૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા બગોદરા-તારાપૂર-વાસદ ૫૪ કિલોમીટર રસ્તાની પૂર્ણ થયેલી સિક્સલેન કામગીરીનું લોકાર્પણ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, હવે લોકોએ પણ ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત એ વાત સ્વીકારી લીધી છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ વિકાસની સ્પર્ધાનો યુગ શરૂ કરાવ્યો છે અને છેક છેવાડાના માનવી સુધી સુખ, સુવિધા પહોચાડવાના કરોડો રૂપિયાના વિકાસ કામોથી લોકોને સાંકળ્યા છે. વિકાસની પ્રાથમિક શરત એવી ત્રણ મુખ્ય બાબતો શિક્ષણ, સ્વાસ્થ્ય અને શાંતિને પણ સરકારે અગ્રતા આપી છે, એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, ગ્રામીણ ક્ષેત્રોને પણ પાકા રસ્તાની સુવિધા આપવા પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજનામાં ૧૩૭૦૦ કિલોમીટરના ગ્રામ માર્ગોના રૂ. ૪૦૮૬ કરોડના કામો બે દાયકામાં પૂર્ણ કર્યા છે.

પૂર્વ શિક્ષણ મંત્રી અને ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું, આજે આપણે જે વિકાસ જોઈ રહ્યા છીએ તેનો પાયો ભાજપના શાસનમાં શ્રી કેશુભાઈ પટેલે નાખ્યો હતો. તેમણે ઉમેર્યું કે, શ્રી કેશુભાઈ પટેલે વિકાસનો જે પાયો નાખ્યો હતો તેને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આધુનિકતાનો ઓપ આપ્યો હતો. ત્યારબાદ શ્રી આનંદીબેન પટેલ તેને વેગ આપ્યો, શ્રી વિજયભાઈ રૂપાણીએ ગતિ આપી અને હવે આજે શ્રી ભૂપેન્દ્ર પટેલ તેની પ્રગતિ આપી રહ્યા છે.

## પંચમહાલ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક કન્સલ્ટેટિવ કમિટીની બેઠક યોજાઇ



ગોધરા,

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા કિસાન ક્રેડિટ કાર્ડ યોજના અંતર્ગત પીએમ કિસાન યોજનાના તમામ લાભાર્થીઓને આવરી લેવા માટે "કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી" અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તમામ જિલ્લાઓમાં ૨૪ એપ્રિલ થી ૧ મે સુધી વિશેષ અભિયાન ચલાવવામાં આવશે. જિલ્લા સેવા સદન ગોધરા ખાતે કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં લીડ બેંક મેનેજર, નાબાર્ડના અધિકારીઓ સહિત સંબંધિત અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી. કિસાન ક્રેડિટ કાર્ડ યોજના ખેડૂત લાભાર્થીઓ માટે ઉપકારક હોવાથી જિલ્લા કલેકટરએ સંબંધિત અધિકારીઓને આ વિષય અંગે ખેડૂતોમાં જાગૃતતા ફેલાવવા અંગે સૂચના–માર્ગદર્શન આપ્યા હતા. પંચમહાલ જિલ્લામાં પી.એમ કિસાન યોજનાના ૨.૨૫ લાખ થી વધુ લાભાર્થીઓ છે તે પૈકી ૫૧,૫૬૮ ખેડૂતો કેસીસીનો લાભ લઈ રહ્યા છે ત્યારે બાકી રહી ગયેલા લાભાર્થીઓને પણ કિસાન ક્રેડિટ કાર્ડ નો લાભ આપવાની દિશામાં કામગીરી કરવા જિલ્લા કલેક્ટરે વિગતવાર ચર્ચા કરી હતી. જિલ્લા કલેક્ટર એ અભિયાન દરમિયાન મહત્તમ લાભાર્થીઓની નોંધણી કરાવવા બેંક સખી તેમજ ક્ષેત્રીય કર્મચારીઓ પંચાયતના અધિકારીઓ–કર્મચારીઓ સાથે મળીને સહિયારો પ્રયાસ કરે તે દિશામાં માર્ગદર્શન આપ્યું હતું તેમજ જિલ્લાના ખેડૂતોને આ અભિયાન વિશે ૨૪ એપ્રિલના રોજ યોજાનાર વિશેષ ગ્રામ સભામાં સહભાગી થવા અને કેસીસીનો લાભ ઉઠાવવા જાહેર અપીલ કરી હતી. અભિયાન અંતર્ગત જિલ્લાની બેંકોની ૧૨૦ જેટલી ગ્રામીણ અને સેમી અર્બન શાખાઓને પી.એમ કિસાન યોજનાના લાભાર્થીઓની યાદી મોકલી દેવાઇ છે. બેન્કો દ્વારા ગામડાઓમાં ખાસ કેમ્પ નું આયોજન પણ કરવામાં આવશે. જે ખેડૂતો પાસે કિસાન ક્રેડિટ કાર્ડ નથી તેઓ સભભ ફોર્મ ભરીને સંબંધિત બેંક ખાતામાં પહોંચાડી શકે છે.

આ બેઠકમાં લીડ બેંકના મેનેજર યોજનાની વિગતો આપતા જણાવ્યું હતું કે, આ યોજના પી.એમ.કિસાનના જે લાભાર્થીઓએ લોન માટેની કેસીસી (કિસાન ક્રેડીટ કાર્ડ) ની યોજનાનો લાભ લીધેલ ના હોય તેના માટે છે. કેસીસીની લોનનો લાભ ખાતાદીઠ મળવાપાત્ર છે. તેમજ મત્સ્યઉદ્યોગ અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલ લોકોને પણ આ લાભ મળવાપાત્ર છે. પાક ધિરાણ રૂ.૩ લાખ સુધીની લોન માટે વ્યાજદર ૭ ટકા રહેશે. જો આ લોનની ભરપાઇ ૩૬૫ દીવસની અંદર કરવામાં આવે તો ૩ ટકા વ્યાજ કેન્દ્ર સરકાર (નાબાર્ડ) અને ૪ ટકા વ્યાજ રાજ્ય સરકાર દ્વારા ભરપાઇ કરવામાં આવશે. તેમજ મત્સ્યઉદ્યોગ અને પશુપાલનના રૂ.૨ લાખ સુધીનું ધિરાણ માટે વ્યાજદર ૭ ટકા રહેશે. (કુલ પાક ધિરાણ રૂ.૩ લાખ સુધી માટે) જો આ લોનની ભરપાઇ ૩૬૫ દિવસની અંદર કરવામાં આવે તો ૩ ટકા વ્યાજ કેન્દ્ર સરકાર (નાબાર્ડ) દ્વારા ભરપાઇ કરવામાં આવશે. જો ૩૬૫ દિવસની અંદર લોન ભરપાઇ કરવામાં નહી આવે તો બેન્કના નિયમ મુજબ વ્યાજદર રહેશે.

કેસીસીનો લાભ ૭–૧૨ ની કોપી અને પાકની વિગત બેન્ક દ્વારા સરળતાથી અને ત્વરીત આપવામાં આવશે. પીએમ કિસાનના જે લાભાર્થીઓ કેસીસીનો લાભ લઇ રહ્યાં છે. તેઓ વધારાની લોન લેવા માટે તેમની બેન્કની બ્રાન્ચનો સંપર્ક કરી શકશે. તેમજ લાભાર્થીઓને આ યોજનાનું સરળ ફોર્મ ભરવા માટેની માહિતી નજીકના સીએસસી સેન્ટરથી મળશે. KCCની કામગીરી માટે ગામના તલાટી મંત્રી, દુધ મંડળીના સેક્રેટરી, બેન્કમિત્ર, બેન્ક સખી મંડળ પાસેથી પણ વધુ માર્ગદર્શન મેળવી શકાશે અને ફોર્મ ભરી શકશે. તા.૨૪ મી એપ્રિલ થી તા.૧ લી મે,૨૦૨૨ સુધીના અભિયાનમાં સમાજિક સુરક્ષા PMSBY/PMJJBY/APY/PMJDY અંતર્ગત તમામ યોગ્ય લાભાર્થીઓને આ યોજનામાં આવરી લેવાશે તેમજ તા. ૨૪ મી એપ્રિલ,૨૦૨૨ ને રવિવારના રોજ સાજે ૫:૦૦ કલાકે તમામ ગામોમાં ગ્રામસભા યોજાશે જેને દેશના વડાપ્રધાન સંબોધિત કરશે તેમ તેઓએ વધુમાં ઉમેર્યુ હતું.

## નડિયાદમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ! જોગેશ્વર મંદિરમાં હનુમાનજીની મૂર્તિ ખંડિત કરીને શખ્સો ફરાર

નડીયાદ,

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ડહોળવાના પ્રયાસ થઈ રહ્યા છે. વિવાદિત પોસ્ટમાં કિશન ભરવાડની હત્યા કેસથી લઈને રામનવમીમાં ખંભાત અને હિમંતનગરમાં થયેલા પથ્થરમારા અને હિંસાની ઘટનાઓ આ વાતની સાક્ષી પૂરે છે. ત્યારે ખેડાના નડિયાદમાં ધાર્મિક સોહાર્દ બગડે તેવા પ્રયાસ કરવામા આવ્યા છે. જાગેશ્વર હનુમાન મંદિરની મૂર્તિ ખંડિત કરવામા આવતા ભક્તોની લાગણીને ઠેસ પહોંચી છે.

નડિયાદમાં શાંતિ દહોડવાનો અસામાજિક તત્વો દ્વારા પ્રયાસ કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે ત્યારે પવનચક્કી રોડ ઉપર આવેલ જાગેશ્વર હનુમાનજી મંદિરમાં મૂર્તિ ખંડિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે મૂર્તિ ખંડિત થતા તાત્કાલિક નડિયાદ પોલીસ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી છે

નડિયાદના પવનચક્કી રોડ ઉપર આવેલ જાગેશ્વર હનુમાનજી મંદિર માં આજે બપોરે એક એક્ટિવા લઈ ઈસમ આવ્યો હતો અને હનુમાનજીના દર્શન કરતો હોય તેવું નાટક કરી હનુમાનજીની મૂર્તિને ત્યાં પડેલ પથ્થર થી મો ના ભાગે આંખ નાક ને નુકશાન કરી મૂર્તિ ખંડિત કરી હતી આ સ્થાનિકોએ જોઈ બુમાબુમ કરતા તે ઈસમ ઘટના સ્થળે થી ફરાર થઈ ગયો હતો ઘટના ની જાણ વિશ્વ હિન્દુ પરિષદ ને થતા તેમના કાર્યકરોએ નડિયાદ પોલીસને જાણ કરી હતી જેથી નડિયાદ ખેડા પોલીસ સાથે એલસીબી એસઓજી પણ દોડી આવી વિસ્તારમાં આવેલ સીસીટીવી ચેક કરી તપાસ હાથ ધરી છે

## આપની આજ.......

મેષ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

વૃષભ : આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારો સ્વભાવ પ્રેરણાદાયક રહેશે.

મિથુન : જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે. વ્યવસાયની દિશામાં કરવામાં આવેલા સકારાત્મક પરિવર્તનથી તમને સફળતા મળશે.

કર્ક : અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ : કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે. તમને શાસન સત્તાનો ટેકો મળશે અને ભવિષ્યમાં તમને તેમનો સારો લાભ મળશે.

કન્યા : તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા : ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

વૃશ્ચિક : વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો.

ધન : વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે. સાંજે કોઈ પણ જોખમી કાર્યથી દૂર રહેવું.

મકર : તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

કુંભ : લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે. ક્ષેત્રમાં તમારી સ્થિતિ અને પ્રતિષ્ઠા વધશે.

મીન : ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે. બેરોજગાર લોકોને રોજગાર મળે તેવી સંભાવના છે.

## જિગ્નેશ મેવાણીની ધરપકડ પર આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વાએ કહ્યું કે મને નથી ખબર





ગોવાહાટી,

ગુજરાતના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીને હાલમાં જ આસામ પોલીસે ધરપકડ કરી હતી. તેને લઈને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ ચોંકાવનારુ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, તે જિગ્નેશ મેવાણીને જાણતા નથી. મેવાણીએ પ્રધાનમંત્રી મોદી વિશે કથિત રીતે વાંધાજનક ટ્વિટ કરવાના આરોપમાં આસામ પોલીસે ધરપકડ કરી હતી. હવે તેમને ગુવાહાટી લઈ જવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ પત્રકારોને કહ્યું કે, મને નથી ખબર, તે કોણ છે ? તેમણે કહ્યું કે, મને આ કેસની અંદરની વાત ખબર નથી. સરમાને આગળ પૂછવામાં આવ્યું તો તેમણે જવાબ આપ્યો કે, જ્યારે હું જાણતો જ નથી, તો બદલાની રાજનીતિ કેવી કરી શકું ? આસામના મુખ્યમંત્રીએ વિપક્ષી કોંગ્રેસ પર પણ કટાક્ષ કર્યો હતો, જેમાં આરોપ વિરુદ્ધ મેવાણીનો બચાવ કરવામાં મદદ કરવા માટે કાયદાકીય મદદનો સહારો લીધો છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ શાસિત રાજ્યોમાં પર્યાપ્ત પુરાવા હશે, જ્યાં ટ્વિટને ગંભીરતાથી લેવામાં આવ્યું છે. કોંગ્રેસે જિગ્નેશ મેવાણીની ધરપકડને ષડયંત્ર ગણાવ્યું છે.

આસામ કોંગ્રેસના પ્રમુખ ભૂપેન બોરાએ દાવો કર્યો છે કે, આ એફઆઈઆરમાં કોઈ ડિટેલ આપવામાં આવી નથી. જેના આધાર પર મેવાણીની ધરપકડ થઈ હતી. તેમણે કહ્યું કે, મેવાણી હંમેશ ભાજપ અને આરએસએસ વિરુદ્ધમાં બોલે છે. મેવાણીના સહયોગી સુરેશ જાટે કહ્યું છે કે, ગુજરાતના મુખ્ય દલિત નેતા મેવાણીને આઈપીસીની કલમ ૧૫૩છ અંતર્ગત એફઆઈઆરકર્યા બાદ તુરંત ધરપકડ કરવામાં આવી હતી, જે સમુદાયની વચ્ચે દુશ્મની વધારવા સાથેના ગુનામાં જોડવામાં આવ્યું હતું. આ ફ્રૈંઈ આસામના કોકરાઝાર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

જાટે આગળ કહ્યું કે, આસામ પોલીસના અધિકારીઓ દ્વારા શેર કરવામા આવેલા એક દસ્તાવેજ અનુસાર, મેવાણીના થોડા દિવસ પહેલાના ટ્વિટના આધાર પર તેમના વિરુદ્ધ ફ્રૈંઈ નોંધવામાં આવી છે. જો કે, આ ટ્વિટને ટ્વિટરે હટાવી દીધું છે. તેમણે જણાવ્યું હતું કે, આ ટ્વિટ નાથૂરામ ગોડસે વિશે હતું. જાટના જણાવ્યા અનુસાર મેવાણીને પહેલા રોડ માર્ગે પાલનપુરથી અમદાવાદ લાવવામાં આવ્યા હતા, અને બાજમાં ગુરુવાર સવારે હવાઈ માર્ગથી આસામ લઈ જવામા આવ્યા હતા. મેવાણી બનાસકાંઠાની વડગામ સીટ પર અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તેઓ હાલમાં જ કોંગ્રેસમાં જોડાયા છે.

મેવાણીના કાર્યાલય તરફથી એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે કે, આસામ પોલીસે તેમને પાલનપુર સર્કિટ હાઉસમાંથી બુધવારે રાતના સાડા ૧૧ વાગ્યે ધરપકડ કરી હતી. ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ જગદીશ ઠાકોર અને બીજા કોંગ્રેસી નેતાને તેમની ધરપકડના સમાચાર મળ્યા બાદ અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા અને ભારતીય જનતા પાર્ટીની સરકાર વિરુદ્ધ નારા લગાવ્યા હતા.

## અલવરમાં ૩૦૦ વર્ષ જૂના ભગવાન શિવનું મંદિર પર બુલડોઝર દોડ્યું

અલવર,

રાજસ્થાનના અલવર જિલ્લામાં સરાય મોહલ્લામાં ૩૦૦ વર્ષ જૂના શિવ મંદિર પર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું. પેગોડા પર ચંપલ પહેરીને મૂર્તિઓ પર કટર મશીન ચલાવવાથી હિન્દુ સંગઠનો રોષે ભરાયા છે. જેની સામે પાલિકાના ઈઓ, એસડીએમ અને રાજગઢના ધારાસભ્ય સામે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવાની ફરિયાદ આપવામાં આવી છે. પરંતુ હજુ સુધી કેસ નોંધાયો નથી. આ અંગે ભાજપ કોંગ્રેસની ગેહલોત સરકાર પર પણ પ્રહારો કરી રહી છે. બીજેપી નેશનલ આઈટી સેલના ચીફ અમિત માલવિયાએ કહ્યું છે કે હિન્દુઓની આસ્થાને ઠેસ પહોંચાડવી એ કોંગ્રેસની ધર્મનિરપેક્ષતા છે. માલવિયાએ પોતાના ટ્વીટમાં લખ્યું, "રાજસ્થાનના અલવરમાં વિકાસના નામે ૩૦૦ વર્ષ જૂનું શિવ મંદિર તોડી પાડવામાં આવ્યું. કરૌલી અને જહાંગીરપુરીમાં આંસુ વહાવવું અને હિન્દુઓની આસ્થાને ઠેસ પહોંચાડવી – આ કોંગ્રેસની ધર્મનિરપેક્ષતા છે." આ બાદ અન્ય એક ટ્વિટમાં માલવિયાએ કહ્યું, "૧૮ એપ્રિલે, રાજસ્થાનના રાજગઢ શહેરમાં, પ્રશાસને ૮૫ હિન્દુઓના પાકાં મકાનો અને દુકાનો પર નોટિસ આપ્યા વિના બુલડોઝર ફેરવ્યું." રાજસ્થાનના મંત્રી પ્રતાપ સિંહ ખાચરિયાવાસનું કહેવું છે કે ભાજપ ખોટું બોલી રહી છે. રાજગઢ અર્બન બોડીઝ બોર્ડના ચેરમેન ભાજપના છે. તેમણે બોર્ડમાં દરખાસ્ત લાવીને મંદિરો અને મકાનોને પહોળા કરવા માટે ઉતાર્યા છે. તેમના કહેવાથી મંદિર તોડી પાડવામાં આવ્યું હતું. જ્યારે અમારા કોંગ્રેસના ધારાસભ્ય વિરોધ કરતા રહ્યા. ગેહલોત સરકારના મંત્રીએ વચન આપ્યું છે કે જો કોઈ કાયદાકીય અવરોધ નહીં આવે તો મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવશે. બીજી તરફ રાજસ્થાન ભાજપના પ્રદેશ અધ્યક્ષ સતીશ પુનિયાએ કહ્યું છે કે સરકારે રસ્તો કાઢીને મંદિરને બચાવવું જોઈતું હતું. કરૌલીની ઘટના બાદ સરકારનો ઈરાદો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. કોંગ્રેસ સરકાર તુષ્ટિકરણની રાજનીતિ કરીને પોતાની વોટ બેંકને ખુશ કરવા માંગે છે, તેથી જ ૩૦૦ વર્ષ જૂના મંદિરને તોડી પાડવામાં આવ્યું. આનો વિરોધ દર્શાવતા હિંદુ સંગઠનોએ પોલીસને લેખિત ફરિયાદ આપી છે જેમાં રાજગઢના ધારાસભ્ય જોહરી લાલ મીણા, એસડીએમ કેશવ કુમાર મીણા અને મ્યુનિસિપલ ઈ બનવારી લાલ મીણા વિરુદ્ધ કાવતરું રચીને રમખાણો ભડકાવવાનો આરોપ લગાવ્યો છે. પરંતુ હજુ સુધી પોલીસે આ મામલામાં એફઆઈઆર નોંધી નથી. રાજકીય પ્રભાવના કારણે પોલીસ સમગ્ર મામલાને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. રાજગઢમાં હિંદુ સંગઠનોએ વિરોધ શરૂ કરી દીધો છે. સંગઠનના આગેવાનો પોલીસ સ્ટેશન પહોંચ્યા અને આ ઘટનાનો વિરોધ કર્યો અને એફઆઈઆર નોંધવાની માંગ કરી. વધી રહેલા વિવાદને જોતા પોલીસ અધિક્ષક તેજસ્વિની ગૌતમ શુક્રવારે લોકોને મળશે. તેમનું કહેવું છે કે સમગ્ર મામલે પોલીસ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવશે. બીજી તરફ રાજગઢમાં હિન્દુ સંગઠનોના સતત આગમનની પ્રક્રિયા ચાલી રહી છે.

## ડાયાબિટીસ સહિત અન્ય બીમારીઓની ૧૫ દવાઓની કિંમત નક્કી કરાઇ

નવીદિલ્હી,

ડાયાબિટીસ હવે ભારતમાં સામાન્ય થઈ ગયો છે અને તેના દર્દીઓની સંખ્યા પણ વધુ હોય તેમજ તેની દવા આજીવન લેવી પડતી હોય છે. આથી તેની દવા એક અનિવાર્ય જરુરિયાત બની છે, આ પરિસ્થિતિમાં ડાયાબિટીસ સહિત અન્ય બીમારીઓની ૧૫ દવાની કિંમત નક્કી કરાઈ છે. રાષ્ટ્રીય ઔષધિ મૂલ્ય નિર્ધારણ ઓથોરિટી (એનપીપીએ)એ દવાઓના છૂટક મૂલ્યની સીમા નક્કી કરી છે.

દવા કંપનીઓએ તે અનુસાર છૂટક મુલ્ય નક્કી કરવા પડશે. ઓથોરિટીએ પોતાના આદેશમાં જણાવ્યું છે કે એસોસિએટેડ બાઓટેક અને ડેલ્સ લેબ દ્વારા બનાવવામાં આવેલ મેટફોર્મિન સાથે ટેનેલિગ્લિટિન ટેબલેટની કિંમત ૧૪.૩૦ રુપિયાથી ઘટાડીને ૭.૧૪ રુપિયા પ્રતિ ગોળી નક્કી કરાઈ છે. આ રીતે ડેપાગ્લિફલોઝિનની સાથે મેટ ફોર્મિન હાઈડ્રોકલોરાઈડ ટેબલેટનું છૂટક મૂલ્ય રૂા. ૯.૩૦ની જગ્યાએ રૂા. ૧૦.૭ પ્રતિ ગોળી હશે.

આ બન્ને દવાઓ ડાયાબિટીસના રોગીઓને અપાય છે. આ સિવાય હ્યુમન નોર્મલ ઈમ્યુનોગ્લોજુલિન મેડ્રોકસી પ્રોજેસ્ટેરોન એસ્મેટેટ વગેરે દવાઓની પણ છૂટક કિંમત નક્કી કરવામાં આવી છે. ઓથોરિટીએ જણાવ્યું હતું કે કંપનીઓ ઔષધિ ડેટાબેઝ વ્યવસ્થાપન પ્રણાલીથી ટૂંક સમયમાં જ લિસ્ટ જાહેર કરશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ ભાજપ દ્વારા કુપોષિત બાળકોને દત્તક લઈ પૌષ્ટીક આહાર આપવામાં આવશે : નરેન્દ્ર સોની

દાહોદ,

દાહોદ જિલ્લા ભાજપ દ્વારા ૫૬૦૦ જેટલા કુપોષિત બાળકોને દત્તક લઈ તેમને પોષ્ટીક આહાર વિતરણ કરી તેઓનું સતત મોનીટરીંગ કરી આરોગ્ય ચકાસણી કરાવી તેમને સુપોષિત કરાશે. તંદુરસ્ત બનાવાશે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લા ભાજપ મહામંત્રી અને સુપોષણ અભિયાનના ઈન્ચાર્જ નરેન્દ્ર ભાઈ સોનીએ ઔપચારિક મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, પ્રદેશ ભાજપના સુપોષણ અભિયાન હેઠળ ની પ્રવૃત્તિ અંગે જિલ્લા ભાજપ એકમ ખૂબ સંવેદનાસભર રીતે સક્રિય થયો છે. જિલ્લામાં નોંધાયેલા લગભગ ૫૬૦૦ જેટલા બાળકોને કેજે કુપોષિત હોવાનું નોંધાયું છે. તેવા બાળકોને ભાજપના કાર્યકર્તાઓ અને ભાજપના હોદ્દેદારો દત્તક લઈ સતત ત્રણ માસ સુધી તેની દેખરેખ રાખી તેની આરોગ્ય ચકાસણી કરાવી સ્વયં એના ઘરે જઈ કુપોષિત બાળકોને સુપોષિત બનાવવાની પ્રક્રિયામાં ભાગ લેશે.

કુપોષિત બાળકોને તંદુરસ્તી પ્રાપ્ત થાય તે માટે ખાસ પ્રકારનું પ્રોટીન અને બાળકોને તમામ પ્રકારના વિટામિન પ્રાપ્ત થઈ રહે તેવા આહારનું વિતરણ કરાશે.

દત્તક લીધેલા કુપોષિત બાળકોને સુપોષિત કરવાના આ અભિયાન અંગે સુચારૂ રીતે કાર્ય થાય તે માટે જિલ્લા તથા તાલુકા કક્ષાએ ખાસ બેઠક બોલાવી આયોજન કરવામાં આવેલ છે. કુપોષિત રેડ ઝોનમાં આવેલા બાળકો માટે વિશેષ ધ્યાન અપાતું હોવાનું પણ કુપોષણ અભિયાન ઈન્ચાર્જ નરેન્દ્રભાઈએ જણાવેલ છે.

# દાહોદના ખરેડી ગામે મકાનમાં આગ લાગતાં ૧૦ લાખનું નુકશાન

દાહોદ,

દાહોદ તાલુકાના ખરેડી ગામે એક મકાનમાં અકસ્માતે આગ લાગતાં આગની અગન જ્વાળાઓમાં સંપુર્ણ મકાન બળીને ખાખ થઈ ગયું હતું. ફાયર ફાયટરના લાશ્કરોએ ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગમાં અંદાજે ૧૦ લાખનું નુકસાન થવા પામ્યું હતું.



ગતરોજ ખરેડી ગામે એક કાચા મકાનમાં અગમ્યકારણોસર આગ લાગી હતી. આગે વિકરાળ રૂપ ધારણ કરતાં જોતજોતામાં આગે સંપુર્ણ મકાનને પોતાની અગન જ્વાળાઓની લપેટમાં લઈ લીધું હતું. મકાનમાં મુકી રાખેલ, દાગીના, અનાજ, કપડા, ઘરવખરીનો સામાન વિગેરે સંપુર્ણ બળીને ખાખ થઈ ગયું હતું. આગની ઘટનાને પગલે સ્થાનીક લોકો દોડી આવ્યાં હતાં અને વિસ્તારમાં અફરા તફરીનો માહોલ પણ સર્જાઈ જવા પામ્યો હતો. સ્થાનીક લોકો દ્વારા આગ ઉપર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવ્યો હતો, પરંતુ વિકરાળ આગ ઉપર કાબુ ન મેળવાતા આખરે દાહોદની ફાયર ફાઈટરને જાણ કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે દોડી ગયાં હતા. જ્યાં પાણીનો ભારે મારો ચલાવ્યાં બાદ આગ ઉપર ભારે જહેમત બાદ કાબુ મેળવ્યો હતો. જાણવા મળ્યાં અનુસાર, આગમાં અંદાજે ૧૦ લાખનું નુકસાન થવા પામ્યું છે.

# દાહોદના લીમખેડા અને દે.બારીયા તાલુકા માંથી બે સગીરાને લગ્નના ઈરાદે અપહરણ

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા અને દેવગઢ બારીઆ તાલુકામાંથી એમ બે સ્થળોએથી બે સગીરાઓને બે યુવકો દ્વારા પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૫મી એપ્રિલના રોજ લીમખેડા તાલુકાના પાણીયા ગામે રહેતો વિપુલભાઈ લક્ષ્મણભાઈ ગમારે લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના અપહરણનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના છાલીયા સાદડીયા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૧મી એપ્રિલના રોજ છાસીયા સાદડીયા ગામે રહેતો લક્ષ્મણભાઈ રૂપસીંગભાઈ નાયકે દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના અભલોડ ગામેના ૪૫ વર્ષીય આધેડનો તળાવમાં શોધખોળ પ્રયાસો બાદ પણ મળ્યો નહી

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામમાં આવેલ લીલવા તળાવમાં અભલોડ ગામના રાયણ ફળિયામાં રહેતા પારસીંગભાઈ છગનભાઈ બારીયા ઉંમર વર્ષ ૪૫ ગઈકાલથી ઘરે ન આવતાં તેમની શોધખોળ પરિવારજનો દ્વારા ગામમાં તેમજ આજુબાજુ સગા સંબંધીઓને કરવામાં આવી હતી. ગત રાતથી સવાર સુધી પારસીંગભાઈનો કોઈ પતો મળ્યો ન હતો. ગુરૂવારની વહેલી સવારે શોધખોળ કરતા ગામલોકો તળાવ કિનારે આવ્યા ત્યારે પારસીંગભાઈના કપડા, ચપ્પલ તળાવના કિનારે મળી આવ્યા હતા. ગામલોકો અને પરિવારજનોને શંકા ગઈ કે તળાવમાં ડૂબી ગયા હશે. જેથી સ્થાનિક આગેવાનો તાલુકા પંચાયત સભ્ય દ્વારા દાહોદ નગરપાલિકા થી ફાયર બ્રિગેડની ટીમ બોલાવીને પણ શોધખોળ કરવામાં આવી હતી પરંતુ પારસીંગભાઈનો ત્યાં પણ કોઈ પત્તો લાગ્યો ન હતો.

## સંજેલીના ચમારીયા ગામે પરણિતાની એકલતાનો લાભ લઈ દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ચમારીયા ગામે એક ઈસમે એક પરણિત મહિલાનો ઘરમાં એકલતાનો લાભ લઈ ઘરમાં ઘુસી જઈ પરણિતાની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા. ૨૧મી એપ્રિલના રોજ ચમારીયા ગામે રહેતો વિનેશભાઈ વિક્રમભાઈ સેલોતે સંજેલી તાલુકામાં રહેતી એક પરણિતાના ઘર તરફ ગયો હતો અને પરણિતા ઘરમાં એકલી હતી. તે સમયે તેની એકલતાનો લાભ લઈ વિનેશભાઈ પરણિતાના ઘરમાં ઘુસી જઈ પરણિતાની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારી નાસી જતાં આ સંબંધે બળાત્કારનો ભોગ બનેલ પરણિતા દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ઉચવાણીયા ગામે સ્ટેટ વીજીલન્સ ટીમે રેઈડ કરી ૧.૨૯ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

ગાંધીનગર સ્ટેટ વિજિલન્સની ટીમને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામે એક રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતા ૧.૨૯ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે મોટરસાયકલ મળી ચાલકને ઝડપી પાડ્યા નું જાણવા મળે છે.

ગતરોજ દાહોદ તાલુકાના રાછરડા ગામે રોજ ફળિયામાં રહેતો બુટલેગર વીરેન્દ્ર ઉર્ફે કાળુ બાકલીયા (લબાના) મોટરસાયકલ પર વિદેશી દારૂનો જથ્થો મૂકી મધ્ય પ્રદેશ થી દાહોદ તરફ આવતો હોવાની મળેલ બાતમીના આધારે ગાંધીનગરની સ્ટેટ વિજિલન્સ ટીમે ઉપરોક્ત ચાલકને મોટરસાયકલ સાથે ઝડપી પાડ્યો હતો અને તેને લઈ રાછરડા ખાતે તેના ઘરે ગઈ હતી પોલીસે તેના મકાનમાંથી ૧,૨૯,૭૬૦/- ના પ્રોહીબીશન જથ્થા સાથે મોટરસાયકલ તેમજ રોકડા રૂપિયા અને મોબાઈલ ફોન મળી પોલીસે કુલ રૂપિયા ૧,૬૯,૧૧૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો ઝડપાયેલ ઉપરોક્ત ઈસમની પોલીસે પૂછપરછ કરતા આ વિદેશી દારૂનો જથ્થો મધ્યપ્રદેશના જાબુઆ જિલ્લાના પીટોલ ખાતે રહેતો મુન્નાભાઈ નામક ઠેકેદાર પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. આ સંબંધે ગાંધીનગરની સ્ટેટ વિજિલન્સ ટીમે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના કાળી મહુડી ગામે બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માત : દંપતિ પૈકી પતિનું મોત મહિલાને સારવાર હેઠળ ખસેડાયા

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કાળી મહુડી ગામે એક મોટરસાઈકલ પર સવાર દંપતિને અન્ય એક મોટરસાઈકલના ચાલકે અડફેટમાં લેતાં મોટરસાઈકલ પર સવાર દંપતિ પૈકી પતિનું મોત નીપજ્યાંનું જ્યારે મહિલાને શરીરે ઈજાઓ પહોંચતાં સારવાર હેઠળ ખસેડાયાનું જાણવા મળે છે.

ગત તા.૨૧મી એપ્રિલના રોજ ઝાલોદ તાલુકાના રળીયાતી ગુર્જર ગામે નિસરતા ફળિયામાં રહેતાં ખુમસીંગભાઈ નીસરતા અને તેમની પત્નિ ધોળીબેન બંન્ને જણા છોકરીનું આણું લેવા (તેડવા) જતાં હતા. તે સમયે રસ્તામાં કાળીમહુડી ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ખુમસીંગભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં ખુમસીંગભાઈ અને તેમની પત્નિ ધોળીબેન મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતાં જેને પગલે ખુમસીંગભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમની પત્નિ ધોળીબેનને શરીરે ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે મૃતક ખુમસીંગભાઈ નીસરતાના મોટાભાઈ ભુરસીંગભાઈ નીસરતાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સુપ્રીમ કોર્ટ દેશની અદાલતો માટે ફાંસીની સજા આપવા અંગે ગાઈડલાઈન બનાવશે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ દેશની અદાલતો માટે ફાંસીની સજા આપવા અંગે ગાઈડલાઈન બનાવશે. જસ્ટિસ યુ યુ લલિત, જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ્ટ અને જસ્ટિસ PS નરસિમ્હાની બેન્ચે મૃત્યુદંડની સજા પામેલા કેદીની અરજી પર આ પગલું ભરવાનો નિર્ણય કર્યો છે. મૃત્યુદંડની સજાને પડકારતી ઈરફાન ઉર્ફે ભૈયુ મેવાતીની અરજી પર કોર્ટ વિચારણા કરી રહી હતી.

ટ્રાયલ કોર્ટે ઈરફાન માટે ફાંસીની સજાને પડકાર આપ્યો હતે અને મધ્યપ્રદેશ હાઈકોર્ટે પણ તેની પુષ્ટિ કરી છે. ત્રણ જજની બેન્ચે આ જ અરજી પર ચાલી રહેલી કાર્યવાહી દરમિયાન કહ્યું હતું કે, મૃત્યુને લાયક ગુનામાં કડક સજા નક્કી કરવા માટે આ માર્ગદર્શિકા જરૂરી છે. કોર્ટ તેને જલ્દી તૈયાર કરશે.

આ માટે બેન્ચે એટર્ની જનરલ કેકે વેણુગોપાલને પણ આ માટે મદદ કરવા કહ્યું છે. તેમજ નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (NALSA)ને નોટિસ જારી કરી છે.બેન્ચે કહ્યું કે, હવે સમય આવી ગયો છે કે, મૃત્યુદંડની સજા અંગે પણ નિયમો અને કાયદાઓ હોય, એટલે કે, તેને સંસ્થાકીય બનાવવામાં આવે, કારણ કે જે, સજા પામનારા દોષી પાસે પોતાના બચાવ માટે ખૂબ ઓછો સમય હોય છે.

સુનાવણી દરમિયાન એમિકસ ક્યુરીના સીનિ વકીયરલ પરમેશ્વરે કહ્યું કે, ઘણા રાજ્યોમાં સરકારી વકીલને પ્રમોશન પણ એ જોઈને આપવામાં આવે તેમણે, કેટલા કેસમાં કેટલા લોકોને સજા અપાઈ છે,અને તે પણ મૃત્યુદંડની સજા કેટલાને મળી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ નીતિને સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવે, ત્યારબાદ કોર્ટે તેની નોંધ લીધી અને હવે આ મામલે ૧૦ મેના રોજ સુનાવણી થશે.

## રાજસ્થાન/સચિન પાયલોટ સોનિયા ગાંધીને મળ્યા, ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીની રણનીતિ પર ચર્ચા કરી

નવીદિલ્હી,

રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને પૂર્વ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ સચિન પાયલોટે કહ્યું છે કે પાર્ટી રાજસ્થાનમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે રણનીતિ તૈયાર કરી રહી છે. એમ પણ કહ્યું કે તેને જે પણ રોલ આપવામાં આવશે, તે તેના પર નિષ્ઠાપૂર્વક કામ કરશે. હાલમાં સચિન પાયલોટ પ્રદેશ કોંગ્રેસમાં કોઈ પદ સંભાળી રહ્યા નથી. સચિન પાયલટ ગઈ કાલે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને તેમના ૧૦ જનપથ ખાતેના નિવાસસ્થાને મળ્યા હતા. લગભગ દોઢ કલાક સુધી ચાલેલી આ બેઠકમાં રાજસ્થાનમાં ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીની રણનીતિ અને તેમાં સચિન પાયલટની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ સચિન પાયલટે કહ્યું કે રાજ્યમાં કોંગ્રેસની રણનીતિ અને તેના ચહેરાને લઈને પાર્ટીમાં ચર્ચા ચાલી રહી છે અને આખરી નિર્ણય કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ લેવાનો છે. પાયલોટે કહ્યું કે પાર્ટી રાજસ્થાનમાં દર પાંચ વર્ષે સરકાર બદલવાની પરંપરાને તોડવા માંગે છે અને રાજ્યમાં પાર્ટીના તમામ નેતાઓએ આ લક્ષ્ય સાથે કામ કરવું પડશે. પાયલોટે સોનિયા ગાંધીને રાજ્યમાં કોંગ્રેસની રાજનીતિ સાથે જોડાયેલા તમામ પાસાઓથી માહિતગાર કર્યા હોવાનું માનવામાં આવે છે. સચિન પાયલોટે કહ્યું કે બે વર્ષ પહેલા કોંગ્રેસ દ્વારા રાજ્ય માટે એક કમિટીની રચના કરવામાં આવી હતી, જે બાદ યોગ્ય દિશામાં ઘણા પગલા ભરવામાં આવ્યા છે.

# હિન્દ-પ્રશાંત મહાસાગર મુકત અને ખુલ્લુ ક્ષેત્ર રહે તે જરૂરી : ભારત અને બ્રિટન વચ્ચે સંરક્ષણ સમજુતી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટીશ વડાપ્રધાન બોરીસ જોનસને આજે દિલ્હીમાં બંને દેશો વચ્ચેના સંરક્ષણ સોદાથી લઈ રૂસ, યુક્રેન યુધ્ધની ચર્ચા કરી હતી. જોનસન અને મોદી વચ્ચે હૈદ્રાબાદ હાઉસમાં શિખરમંત્રણા શરૂ થઈ હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોનસનની આ યાત્રાને આઝાદીના અમૃત મહોત્સવ સાથે સાંકળીને કહીને કહ્યું કે, બંને દેશોના સંબંધો ખુબ જ મજબુત બનશે. મોદીએ ભારત અને બ્રિટન વચ્ચે ૨૦૩૦ સુધીના સંબંધોનો એક રોડ મેપ રજુ કર્યો હતો અને કહ્યું હતું કે અમે આ દિશામાં આગળ વધી રહ્યા છીએ આ વર્ષના અંત સુધીમાં બંને દેશો વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની સમજુતી થઈ જશે.

બીજી તરફ બ્રિટનના વડાપ્રધાને ભારતના નેશનલ હાઈડ્રોજન મીશનમાં સામેલ થવાનું સ્વીકાર્યુ છે અને ભારતને ૧૦૦ મીલીયન ડોલરનું ફાયનાન્સ કરશે. બંને નેતાઓએ રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધની ચર્ચા કરી હતી. વડાપ્રધાને તુર્ત જ આ યુધ્ધ વિરામની આવશ્યકતા દર્શાવી હતી. બ્રિટીશ વડાપ્રધાને પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે ભારત અને બ્રિટન પોતાના સંબંધને મજબુત કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે રક્ષા ક્ષેત્રે મહત્વની સમજુતી છે.

તેઓએ ખાસ કરીને ચીનનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, હિંદ-પ્રશાંત મહાસાગર એક મુકત અને ખુલ્લો ક્ષેત્ર હોય તેમાં ભારત અને બ્રિટનનું હિત છે. બંને દેશોએ અવકાશ, અંતરીક્ષ અને સમુદ્રી ક્ષેત્રમાં જે પડકારો છે તેને સંયુકત રીતે ઉપાડવા માટેની સમજુતી કરી છે. જોનસને ચીન અને રશિયાનું નામ લીધા વગર જ જે રીતે એકાધિકાર સતા ધરાવતા દેશોથી ખતરો છે તેનો ભારત અને બ્રિટન બંને સંયુકત મુકાબલો કરે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

ભારતની મુલાકાતે આવેલા બ્રિટીશ વડાપ્રધાન બોરીસ જોનસનનું જે રીતે ગુજરાત અને દિલ્હીમાં સ્વાગત થયું તેથી તેઓ ખુબ અભિભૂત થઈ ગયા છે અને તેઓએ જણાવ્યું હતું કે મારા ખાસ દોસ્ત મોદીએ મારી જે મહેમાનગતિ કરી છે તેના માટે હું આભારી છું. બોરીસ જોનસને દિલ્હીમાં વડાપ્રધાન સાથે મંત્રણાનો દૌર શરૂ કર્યો છે તે પૂર્વે રાષ્ટ્રપતિ ભવન ખાતે તેમનો ભવ્ય સ્વાગત કરાયું હતું.

જોનસને પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, હું આ સ્વાગતથી સચિન તેંડુલકર અને અમિતાભ બચ્ચન જેવું અનુભવું છું અને તેઓએ મોદીને પોતાના ખાસ દોસ્ત ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે અમદાવાદમાં ચારે તરફ મારી તસ્વીરોના પોસ્ટર લાગ્યા હતા તેનાથી પણ હું ખુબ જ ગદગદ થઈ ગયો હતો. આજે બ્રિટીશ વડાપ્રધાનનું રાષ્ટ્રપતિ ભવન ખાતે સ્વાગત થયું અને ગાર્ડ ઓફ ઓનર પણ અપાયું હતું અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બોરીસ જોનસને ઉષ્માભેર આવકાર્યા હતા.

# ખેડૂતોને વગર વ્યાજે પાક ધીરાણ મળશે : રાઘવજી પટેલની જાહેરાત

ગાંધીનગર,

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે રાજ્યના ખેડૂતોને વગર વ્યાજે પાક ધિરાણ મળશે ખેડૂતોને વ્યાજ ન ભરવું પડે તે માટે સરકાર ચાર ટકા વ્યાજની સહાય છૂટી કરી છે. રાજ્ય સરકારના નિર્ણયથી હવે પછી જગતના તાતને ઝીરો ટકા વ્યાજે લોન મળી રહેશે. આ લોનનું જે વ્યાજ છે તે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે વહેચાઈ જશે. અત્યારસુધી સરકારનો નિર્ણય ન થવાના કારણે ખેડૂતોને પાક પર ધિરાણ લેવામાં વ્યાજ ભરવું પડતું હતું. ખેડૂતોને દર વર્ષે કુલ ૭ ટકા ધિરાણ સહાયતા મળી હોય છે. જેમાં રાજ્ય સરકાર ચાર ટકા, અને કેન્દ્ર સરકાર ૩ ટકા વ્યાજ મળે છે. જોકે, રાજ્ય સરકારે આ અંગે નિર્ણય કરતા ખેડૂતોને વગર વ્યાજે પાક ધિરાણ મળશે. આ ધિરાણ ખેડૂતોને પાક પર મળતું હોય છે. જે રાજ્યની તમામ સહકારી સંસ્થાઓમાંથી પણ મળી શકશે. સરકારે ચાર ટકા વ્યાજ છૂટું કરવાની જાહેરાત કરતા ખેડૂતોને વ્યાજ ભરવું નહીં પડે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે ખેડૂતો માટેના રાહતના આ સમાચાર આજે ગાંધીનગરથી જણાવ્યા હતા. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે ખેડૂતોને વગર વ્યાજે ધિરાણ મળવું જોઈએ છતાં વ્યાજ ભરવું પડતું હતું તેથી અમે સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈને રજૂઆત કરી અને તેમની સૂચનાથી જ આ નિર્ણય કરવામાં આવ્યો છે. સહકાર મંત્રીની હાજરીમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. ખેડૂતોને આ પાક ધિરાણની રકમ વિના વ્યાજે મળશે. ગુજરાત સરકારના ભાગે આવતા વ્યાજની યાર ટકાની રકમ સરકાર છૂટી કરશે જેથી ખેડૂતોને હવે પાક ધિરાણ પર વ્યાજ ભરવું નહીં પડે.

## ઘાસચારા કૌભાંડ કેસમાં લાલુ પ્રસાદ યાદવને મોટી રાહત, હાઈકોર્ટમાંથી જામીન મળ્યા

રાંચી,

લાલુ પ્રસાદ યાદવને ઝારખંડ હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. જસ્ટિસ અપરેશ સિંહની કોર્ટમાંથી તેમને જામીન મળ્યા છે. ચારા કૌભાંડ સાથે જોડાયેલા ડોરંડા મામલે લાલુ યાદવને ૫ વર્ષની સજા સંભળાવાઈ હતી. નીચલી કોર્ટના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર આપવામાં આવ્યો છે. કોર્ટે શુક્રવારે ૧૦ લાખ રૂપિયાના ખાનગી જામીન મંજૂર કર્યા છે.તેમણે સજાનો અડધો સમય જેલમાં પૂરો કરી લેવાના આધારે જામીન આપવામાં આવ્યા છે. લાલુ પ્રસાદ યાદવને હજુ સુધી કુલ ૪ કેસમાં સજા થઈ છે અને હવે તમામ કેસમાં તેમને જામીન મળ્યા છે. જે બાદ તેમનો જેલમાંથી બહાર નીકળવાનો રસ્તો વિસ્તૃત બની ગયો છે. સીબીઆઈએ આ મામલે કાઉન્ટર એફિડેવિટ ફાઈલ કરી કહ્યુ હતુ કે લાલુ પ્રસાદએ સજાનો અડધો સમય પૂરો કર્યો નથી. કોર્ટે સીબીઆઈની દલીલને ફગાવી દીધી. રાંચી સ્થિત સીબીઆઈ કોર્ટે ૨૧ ફેબ્રુઆરીએ રાંચીના ડોરંડા ટ્રેઝરીમાંથી ૧૩૯ કરોડની ગેરકાયદેસર ઉપાડ મામલે લાલુ પ્રસાદને દોષી કરાર દેતા પાંચ વર્ષની સજા સંભળાવી હતી. સીબીઆઈ કોર્ટના આદેશ વિરૂદ્ધ લાલુ પ્રસાદ યાદવએ ઝારખંડ હાઈકોર્ટમાં ૨૪ ફેબ્રુઆરીએ અપીલ દાખલ કરી હતી. હાઈકોર્ટની જે બેન્ચમાં લાલુ યાદવનો કેસ નોંધ્યો હતો, તે બેન્ચ ૧ એપ્રિલે બેસી નહીં. જે બાદ સુનાવણી ૮ એપ્રિલે થઈ. સુનાવણી દરમિયાન સીબીઆઈએ કાઉન્ટર એફિડેવિટ ફાઈલ કરવા માટે કોર્ટમાંથી સમય માગ્યો. કોર્ટે સીબીઆઈના આગ્રહને સ્વીકારતા ૨૨ એપ્રિલએ સુનાવણીની તારીખ નક્કી કરી હતી. હાલ લાલુ પ્રસાદ યાદવ ન્યાયિક કસ્ટડીમાં છે. બીમારીઓના કારણે નવી દિલ્હી સ્થિત એઈમ્સમાં તેમની સારવાર ચાલી રહી છે.

## ઘણી હદીષોમાં બદમઝહબોથી દુર રહેવાની તાકીદ કરાઈ છે

ગુન્યતુત્તાલિલીનમાં ગૌષ પાક સરકારે બગદાદ ર.દી.એ હઝરત ફૂઝયલ ઈબ્ને અયાઝ ર.દી.અના હવાલાથી એક રિવાયત નકલી કરી છે કે જે કોઈ બદમઝહબથી મહબ્બત રાખશે તેના અમલ બર્બાદ થઈ જશે અને ઈમાનની રોશની તેના દિલ માંથી નીકળી જશે અને જ્યારે અલ્લાહ તઆલા પોતાના કોઈ બંદાને જુએ કે તે બદમ અહલ થી અદાવત રાખે છે. તો મને ઉમ્મીદ છે કે મૌલા સુલ્હાતહુ તઆલા તેના ગુનાહ માફ ફરમાવી દે છે. ભલે તેના અમલ થોડા હોય કોઈ બદમઝહબને રસ્તે આવતા જુઓ તો તમે બીજો રસ્તો અપનાવો.

હદીષ : માણસ પોતાના મિત્રના દીન પર હોય છે. તો તમારા માંથી પ્રત્યેક દેખભાવ કરી લે કે તે કોની સાથે મૈત્રી રાખે છે. (મિશ્કાત શરીફ)

સવાલ : ઘણા લોકો બદમઝહબો પાસે જાણી જોઈને બેસે છે. તેમના માટે શું હુકમ છે.

જવાબ : બદમઝહબોની સોબતમાં બેસવું હરામ છે અને બદમઝહબ થઈ જવાનો સંપૂર્ણ ભય છે અને મિત્રતા હોય તો દીનના માટે કાતીલ ઝહર છે. હુઝુર સલલ્લા હો અલય હે વસલ્લમ એ ફરમાવ્યું. તેમને તમારી પાસેથી દુર કરો અને તેનાથી દુર ભાગો કયાંક તે તમને ગુમરાહ ન કરી દે કયાંક તે તમને ફિતનામમા ન નાખી દે. ( બહવાલા જહન્નમ થી બચાવો પાન.૧૭–૧૮)

તા.૨૩/૦૪/૨૨ શનિવાર
ખત્મે શહેરી ૪.૪૩
વકતે ઈફતાર ૭.૦૩

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.204

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ ગોધરામાં બિનખેડુતોની મિલ્કત

# ખાલસા થતી અને જપ્તી માંથી બચાવવા માટે તત્કાલીન કલેક્ટર દ્વારા ખોટું રેકર્ડ તૈયાર કરવાના ગુનામાં પોલીસ ફરિયાદ નોંધાઈ

ગોધરા,
પંચમહાલ જીલ્લા કલેકટર કચેરીમાં વર્ષ ૨૦૧૭ થી એપ્રિલ ૨૦૧૮ સુધીના સમયગાળામાં તત્કાલીન જીલ્લા કલેકટર દ્વારા બિનખેડુત તરીકે ખેતીની જમીન ધારણકર્તાઓની જમીન ખાલસા ન થાય તેવા કાયદો આપવા માટે પોતાની સત્તાની રૂએ મિલ્કત જપ્તીથી બચાવવા ખોટું રેકર્ડ (લખાણ) તૈયાર કરી ત્રણ વ્યકિતઓને લાભ પહોંચાડી ગુનો કર્યા અંગે તત્કાલીન કલેકટર વિરૂદ્ધ લાભ પહોંચાડી ગુનો કર્યા અંગે તત્કાલીક કલેકટર વિરૂદ્ધ જીલ્લા અધિક કલેકટર દ્વારા ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે આઈ.પી.સી.૨૧૭, ૨૧૮ મુજબ ફરિયાદ નોધાવા પામી છે.



પંચમહાલ જીલ્લાના કલેકટર કચેરીમાં ૩૦/૦૪/૨૦૧૭ થી ૮/૪/૨૦૧૮ના વર્ષના તત્કાલીક કલેકટર તરીકે એસ.કે.લાંગા ફરજ બજાવતા હતા. હાલ નિવૃત્ત હોય તેમના ફરજના સમયગાળા દરમિયાન ગોધરાના શિલાબેન ધનરાજ મંગલાણી, રોહિતકુમાર સુંદરલાલ લુહાણા, ધનવંતીબેન ચુનીલાલ ધારસીયાણી વિગેરેનાઓ હરાજીની જમીનના આધારે જે તે સમયે કોઈપણ રીતે પોતાના નામ ૭(અ)માં દાખલ કરાવેલ હતા. બિનખેડુત હોવા છતાં કૃષિ અને મામલતદારમાં ખેડુત તરીકે દાખલ થયેલ નામ બાબતે બિનખેડુત હોય તેવી રજુઆત મળેલ હતી. આવી રજુઆત બાદ પણ કૃષિ અને મામલતદારે ત્રણ વ્યકિતઓને ખેડુત તરીકે ચાલુ રાખવાનો નિર્ણય કરેલ હોય જેને લઈ બિનખેડુતને ખેડુત તરીકે ચાલુ રાખવાના કિસ્સામાં રીવ્યુ અપીલ ગોધરા એસ.ડી.એમ. (પ્રાંત અધિકારી) પેન્ડીંગ હતી. સાથે બિનખેડુત તરીકેની ૫૧ જેટલી અરજીઓ પ્રાંત અધિકારી પાસે પેન્ડીંગ હતી. સરકાશ્રીના કાયદા અને જોગવાઈ મુજબ પ્રાંત અધિકારી પેન્ડીંગ રહેલ અરજીઓ / નિર્ણયોની તપાસ પ્રાંત અધિકારી પાસે રાખવાની જોગવાઈ કરેલ છે. તેમ છતાં પંચમહાલ જીલ્લાના નિવૃત્ત તત્કાલીન કલેકટર એસ.કે.લાંગાને જાણમાં અને ધ્યાનમાં હોય તેમ છતાં તત્કાલીન કલેકટર એસ.કે.લાંગા એ પોતાને મળેલ સત્તાનો દુરઉપયોગ કરી PIC AND CHOOSE ની પદ્ધતિ અપનાવી આ બાબતે પરિપત્ર કરી નોટીંગ વગરનો પરિપત્ર મનસ્વી રીતે કરવામાં આવ્યો હતો. શિલાબેન ધનરાજ મંગલાણી, રોહિતકુમાર સુંદરલાલ લુહાણા, ધનવંતીબેન ચુનીલાલ ધારસીયાણીની જમીન સરકાર ખાલસા ન કરી શકે તેવો ફાયદો અપાવવા માટે તત્કાલીન કલેકટર એ પોતાની સત્તાની રૂએ કોઈ વ્યકિતને શિક્ષા માંથી બચાવવા તેમજ કોઈ મિલ્કતને જપ્ત થતી બચાવવાના ઈરાદા થી રાજ્ય સેવક તરીકે ખોટું રેકર્ડ (લખાણ) તૈયાર કરી બિનખેડુતો ત્રણ વ્યકિતઓને લાભ પહોંચાડી ગુનો કર્યા હોય આ બાબતે પંચમહાલ જીલ્લા અધિક કલેકટર મહિપાલસિંહ ડી.ચુડાસમા એ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે તત્કાલીન કલેકટર એસ.કે.લાંગા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈ.પી.સી.૨૧૭, ૨૧૮ મુજબ ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે. પંચમહાલ ગોધરાના બિનખેડુતોના કિસ્સામાં તત્કાલીન કલેકટર સકંજામાં સપડાતા રેવન્યુ વિભાગમાં મનસ્વી રીતે ગેરરીતિઓ આચરતા કર્મચારી અધિકારીઓમાં ફફડાટ જોવા મળ્યો છે.

# ઘોઘંબા તાલુકાના અનેક ગામોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા : મહિલાઓ દુર-દુર સુધી ચાલીને કુવા ઉપર થી પાણી લાવવા મજબુર





**- જલ સે નલ યોજના અંતર્ગત આવરી લેવાયેલા ગામોમાં પણ પાણીની કિલ્લત.**

**- તાલુકાના તમામ ગામોને સરકારના મહત્વકાંક્ષી જલ સે નલ યોજના અંતર્ગત આવરી લેવાય તે જરૂરી.**

ગોધરા,
ઘોઘંબા તાલુકાના બોરીયા સહિતના અનેક ગામોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા જોવા મળી છે. ગામના લોકોને પાણી માટે માઈલો ચાલીને કુવા માંથી પાણી ભરી લાવવા મજબુર બન્યા છે. કેટલાક ગામોમાં ''જલ સે નલ'' યોજના ઘર સુધી હોવા છતાં પાણીની સુવિધા મળી નથી.

પંચમહાલના ઘોઘંબા તાલુકાના ગામોમાં ઉનાળો શરૂ થતાં પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે. બોરીગા ગામ તેમજ આસપાસના ગામોમાં પાણીની કિલ્લત થી લોકો પરેશાન થઈ રહ્યા છે. ગામડાઓમાં મહિલાઓને માઈલો ચાલીને કુવા ઉપર થી માથે બેડા ઉંચકીને પાણી લાવવા મજબુર બન્યા છે. સરકારની મહત્વાકાંક્ષી યોજના ''જલ સે નલ'' અંતર્ગત અનેક ગામોને આવરી લેવામાં આવ્યા છે. ખરા પરંતુ નળમાં પાણી પહોંચ્યું નથી અનેક ગામો એવા છે કે, ''જલ સે નલ'' યોજના અંતર્ગતના નળ કનેકશન આપવામાં આવ્યા છે. આ યોજનામાં કોઈ ખામી સર્જાય તો તેની મરામત માટે મહિનાઓનો સમય નીકળી જતો હોય છે. ઘોઘંબા તાલુકાના અદેપુર, શામળકુવા, ઉંડવા, પાધોરા, જોરાપુરા, ગંભીરપુરા જેવા ગામો ''જલ સે નલ'' યોજના હેઠળની કામગીરી ચાલી રહી છે. પરંતુ ત્યારે જયારે ભરઉનાળામાં આ યોજનાનો લાભ સ્થાનિકોને મળવાનો ન હોય તેને લઈ સ્થાનિકોને પાણી માટે દુર દુર સુધી ચાલીને પાણી લાવવા મજબુર હોય ત્યારે ઘોઘંબા તાલુકાના દરેક ગામોને ગુજરાત સરકારની મહત્વકાંક્ષી યોજના ''જલ સે નલ'' અંતર્ગત આવરી લેવામાં આવે અને આવી યોજનાને સાચા અર્થમાં ગામડામાં ઘર સુધી પાણી પુરુ પાડીને સાર્થક કરવામાં આવે તો લોકોને પીવાના પાણીની મુશ્કેલીઓનો કાયમી ઉકેલ આવી શકે છે. ઘોઘંબા તાલુકાના બોરીયા સહિત આસપાસના અનેક ગામોમાં પીવાના પાણીની સમસ્યાને લઈ સરકારની આવી યોજનાઓ માત્ર લોભામણી હોવાની છાપ ઉભી થાય છે તે દુર થશે અને ગ્રામ્ય વિસ્તારમાં પાણીની કિલ્લત માંથી કાયમી છુટકારો મળશે.

# ગોધરાના લીલેસરા મધ્ય ગુજરાત વીજ કંપનીના પાવર સ્ટેશનના ફીટરમાં ધડાકા સાથે આગ લાગતાં ૧૨ જેટલા ફાયર ફાયટરોએ આગ પર કાબુ મેળવ્યો

ગોધરા,
ગોધરા શહેર લીલેસરા મધ્ય ગુજરાત વીજ કંપનીના ફીટરમાં અચાનક ધડાકો થતાં આસપાસના કચરા અને ઘાસમાં આગ ફેલાઈ હતી. આગ ઝડપથી ફેલાતા ગોધરા, હાલોલ, કાલોલ તેમજ કંપનીઓના પ્રાઈવેટ ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબુ મેળવવાના પ્રયાસ ચાલુ છે. લીલેસરા પાવર સ્ટેશનમાં આગ લાગવાની ઘટનાને લઈ લાઈટો ડુલ થઈ હતી. અમુક વિસ્તારમાં લાઈટો પુનઃ શરૂ કરાઈ છે.



ગોધરા લીલેસરા મધ્ય ગુજરાત વીજ કંપનીના પાવર સ્ટેશનના ફીટરમાં બપોરના ૩ વાગ્યાના સમયે ધડાકો થતાં આસપાસના ઘાસ અને કચરાને લઈને આગ પકડાઈ જવા પામી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણકર્તા ગોધરા, હાલોલ કાલોલ તેમજ કંપનીઓના ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ૧૨ થી ૧૫ જેટલા ફાયર ફાયટરો દ્વારા પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. પાવર સ્ટેશનમાં આગની ઘટનાને લઈ ગોધરા શહેર સહિતના અનેક વિસ્તારોમાં લાઈટો ડુલ થઈ જેમ જેમ આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો છે. તેમ લાઈટો પુનઃ રાબેતા મુજબ કરવા માટે વીજકર્મીઓ કામે લાગ્યા છે. પાવર સ્ટેશનમાં લાગેલ આગમાં વીજ કેબલો બળી જતા વીજ કંપનીને ભારે નુકશાન થયું છે. હાલ એક તરફ આગ ઉપર પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવવામાં આવી રહ્યો છે. ત્યારે કેબલ વાયરોમાં લાગેલ આગ પર કાબુ મેળવવાના પ્રયત્નો ચાલુ છે. ભરઉનાળામાં પાવર સપ્લાય સ્ટેશનના ફીટરમાં આગની ઘટનાને લઈ લાઈટ ડુલ થતાં ગરમીમાં લોકો પરેશાન થઈ રહ્યા છે. હજી મોડી સાંજ સુધી અમુક વિસ્તારોમાં લાઈટો ચાલુ થઈ નથી.

# ગોધરા તાલુકાના વાવડી બુઝર્ગ ગ્રામ પંચાયતમાં મનરેગામાં ભ્રષ્ટાચાર અને ખોટા જોબકાર્ડ બાબતે કરાર આધારીત બે કર્મચારીઓને ફરજ મુકત કરાયા

**ટેકનીકલ આસીસ્ટન્ટ એ.જી. ધીંગા અને ગ્રામ રોજગાર સેવક વર્ષાબેન સોલંકીને ફરજ મુકત કરાયા**

ગોધરા,
ગોધરા તાલુકાના વાવડી બુઝર્ગ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં થયેલ ભ્રષ્ટાચાર બાબતે અરજદાર દ્વારા લેખિત રજુઆત કરાઈ હતી. જીલ્લા વિકાસ અધિકારી દ્વારા ભ્રષ્ટાચાર અંગેની તપાસ માટે આદેશ બાદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ટીમ બનાવીને મનરેગાના કામોની તપાસ સોંપવામાં આવેલ તપાસમાં ગ્રામ પંચાયતમાં ૨૦૧૭ થી ૨૦૨૨ના સમયગાળા દરમિયાન મનરેગા અંતર્ગત કરવામાં આવેલ કામોના હિસાબમાં વિસંગતતા સામે આવતા તાલુકા પંચાયત કચેરીમાં ટેકનીકલ આસીસ્ટન્ટને ખોટી એમ.વી. લખવા માટે જવાબદાર ઠેરવી ફરજ મુકત કરવાનો હુકમ કરવામાં આવ્યો. જ્યારે મનરેગા ગ્રામ રોજગાર સેવકને ખોટા જોબકાર્ડ બનાવી મસ્ટરમાં ખોટી હાજરી પુરી નાણાંની ઉચાપત માટે જવાબદાર ઠેરવીને ફરજ મુકત કરવામાં આવ્યા. આમ, વાવડી બુઝર્ગ મનરેગાના કામોના ભ્રષ્ટાચારમાં બે કર્મચારીઓને ફરજ મુકત કરવામાં આવ્યા.

ગોધરા તાલુકાના વાવડી બુઝર્ગ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં થયેલ ભ્રષ્ટાચાર બાબતે અરજદાર દ્વારા રાજેન્દ્રસિંહ રાઉલજી દ્વારા જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરાઈ હતી. મનરેગાના ભ્રષ્ટાચાર બાબતે જીલ્લા વિકાસ અધિકારી દ્વારા ગોધરા તાલુકા વિકાસ અધિકારીને તપાસ સોંપવામાં આવતાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસ ટીમને બનાવીને તપાસ સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન વાવડી બુર્ઝગ ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ સમયગાળા દરમિયાન મનરેગા અંતર્ગત થયેલ કામો પૈકી હરસિદ્ધી સોસાયટીમાં પેવર બ્લોક ૧,૬૨,૮૧૦/–રૂપીયા, ખુમાનભાઈના ઘર થી જીતુભાઈના ઘર સુધી પેવર બ્લોકનું કામ રૂપીયા ૭૫,૩૭૫/–, આંગણવાડી પેવર બ્લોકનું કામ રૂપીયા ૭૨,૩૬૦/–, હાઈવે રોડ થી વૃદ્ધાશ્રમ સુધીના પેવર બ્લોકનું કામ રૂપીયા ૬૦,૦૦૦/ –મળી રૂપીયા ૩,૭૦,૮૪૫/– નું તપાસ નાણાંકીય વિસંગતતા જોવા મળેલ છે. જે કામ પૂર્ણ બતાવીને સરકારી નાણાંની નાણાંકીય ઉચાપત માટે વર્ષ એપ્રિલ ૨૦૧૭ થી જુન ૨૦૧૯ અને ઓગસ્ટ ૨૦૨૧ થી ઓકટોબર ૨૦૨૧ ના સમયગાળમાં ગોધરા તાલુકા પંચાયતમાં ટેકનીકલ આસીસ્ટન્ટ એ.જી.ધીંગા એ ખોટી એમ.વી.લખવા અંગે જવાબદાર કરતા ટેકનીકલ આસી.ની કરાર આધારીત કામગીરી માંથી ફરજ મુકત કરવામાં આવ્યા.

જયારે મનરેગા અંતર્ગતના કામોમાં ખોટા જોબકાર્ડ બનાવવા આવ્યા હોવાની રજુઆત કરાઈ હતી. તેની તપાસમાં વર્ષ ૨૦૧૮–૧૯ના વર્ષમાં ૨,૩૨૮/–, વર્ષ ૨૦૧૯–૨૦માં ૨,૬૮૮/, વર્ષ ૨૦૨૧–૨૨માં ૧૦,૦૭૬/– રૂપીયા મળી ૨૧,૯૯૨/– રૂપીયાને મજુરી પેટે ચુકવવામાં આવેલ હતા. જે નાણાંકીય ઉચાપત ગણી ગ્રામ રોજગાર સેવક વર્ષાબેન કનુભાઈ સોલંકીના ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી ૫ વર્ષ ૩ માસના સમયગાળા દરમિયાનના સમયગાળામાં ખોટ ।જોબકાર્ડ બનેલ હોવા માટે જવાબદાર ગણી કરાર આધારીત નિમણૂંક અંતર્ગત નાણાકીય અનિયમતિતા, ગંભીર ગેરરીતિ અને ગુનાહિત ગેરવર્તણુંક માટે વર્ષાબેન કનુભાઈ સોલંકીને ફરજ મુકત કરવાનો હુકમ કરવામાં આવ્યો.

# ગોધરાના ભુમાફિયા દ્વારા સર્વે નં.૬૫૯/૧, ૬૫૯/૨, ૬૫૯/૩માં જીલ્લા કલેકટરની N.A. પરમીશન વગર ગેરકાયદેસર બાંધકામને પાલિકા તંત્ર દુર કરશે...?

ગોધરા,
ગોધરા કસ્બા મામલતદાર એકત્રીકરણ કેસ નં. એસ/આર/વશી તા.૯/૨/૨૦૧૯ તા.૬/૭/૨૦૧૯ બાબતે શહેર મામલતદાર વી.કે.આંટીયા પાસેથી તત્કાલી શરતભંગ અંગેની દરખાસ્ત માંગી યોગ્ય મોજે ગોધરાના રે.સ.નં.૬૫૯/૧, ૬૫૯/૨, ૬૫૯/૩ બાબતે જીલ્લા કલેકટર પંચમહાલના મહેસુલ વિભાગના અધિકારીઓ સમક્ષ તા.૩૧/૫/૨૦૨૧ – તા.૨૩/૬/૨૦૨૧ – ૨૮/૬/૨૦૨૧ના રોજ પ્રાંત અધિકારી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ અને એન.બી.રાજપુત સમક્ષ અરજી બિનખેડુતો તથા મામલતદાર તાત્કાલીક એચ.એચ.પંજાબીના એકત્રકરણનો ભંગ કરી હોવા છતા ભુમાફિયાઓએ બે–વાર ફાઈલ એન.એ. કરવા મૂકી પરંતુ જે તે સમયના તાત્કાલીક ચી.ટુ.કલેકટર નિરીલ મોદી દ્વારા પરમીશન નામંજુર કરેલ ત્યારબાદ ચી.ટુ.કલેકટર નિરીલ મોદીની બદલી થતા જાણકાર કર્મચારીઓના મેળાપીપણામાં ફરી પછી આ ભુમાફિયા દ્વારા હાલ સરકારશ્રીના મુખ્ય વહીવટદાર ચી.ટુ.કલેકટર કે.સી.વસાવા આ ફરીયાદ પાછી એન ફાઈલ ચાલુ કરી સરકારી તિજોરી ભરવાના બદલે ભુમાફિયા દ્વારા એન.એ. નામંજુર હોવા છતાં અનેક ઈસમોને વેંચી પાડેલ છે. તેનું ધ્યાણે આવતા અને દોરતા કે.સી.વસાવા ના મંજુર કરેલ છે. આ સર્વે નં. ૬૫૯/૧, ૬૫૯/૨, ૬૫૯/૩ ફારૂક મોહમદ ભાણા એકબીજાને દસ્તાવેજો કરી ટ્રાન્સફર કરી મામલતદાર તાત્કાલીક એચ.એચ.પંજાબીના હુકમનો ભંગ કરેલ છે. તેમ છતાં આ ભુમાફિયા સાથે જીલ્લા કલેકટર થી લઈ પ્રાંત ગોધરા, મામલતદાર ગોધરા શહેર ગ્રામ્ય વિભાગ તથા શહેર સર્કલ ઓફિસર એસ.એચ.સંગાડા સરકારશ્રીના લાભો લેવા છતાં સરકારને નુકશાન પહોંચાડેલ છે અને આવી મિલ્કતો બાબતે સરકારનું નુકશાન થાય તેમા તમારે શું તેવા પંચમહાલના જીલ્લાના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા જવાબો આપવામાં આવે છે. જે બદલ સરકારનું હિત કોઈપણ અરજી તથા મૌખિક રજુઆતો આવે તો તે અંગેની તત્કાલીક સરકારશ્રીના આદેશો અનુસાર કાર્યવાહી કરી આગળની કાર્યવાહી તથા ફોજદારી ધારા હેઠળ ફરિયાદ દાખલ કરી કરાવવાની સરકારશ્રીના વખતો વખતના પરિપત્ર શ્રીસરકારે બહાર પાડેલા છે. જે તમામ કર્મચારીઓ, અધિકારીઓ પાસે સીલેકટ ફાઈલ સાથેના પરિપત્રો હોય છે.

ગોધરા કસ્બાના રે.સ.નં.૬૫૯/૧, ૬૫૯/૨,૬૫૯/૩ બિનખેતી/વશી/૨૫૭/૨૦૨૧ તા.૨૮/૬/૨૦૨૧ સ્મૃતિ પત્ર–૧ નં. બિનખેતી/વશી/૨૬/૨૦૨૨ તા.૧૦/૧/૨૦૨૨ નાયબ કલેકટર પ્રાંત ગોધરા એન.બી.રાજપુતને જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા એ પાઠવેલ છે. તેમ છતાં પ્રાંત કચેરી ગોધરા કર્મચારીઓ ભુમાફિયાઓ સાથે સંબંધ ધરાવતા ઈસમોના કહેવા પર આજદિન સુધી શરતભંગ અંગેની સરકારી વહીવટી તપાસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ નથી અને બીજા કર્મચારીઓને બચાવવા સરકારશ્રીના આદેશો તથા સેવા નિયમોના કિસ્સાઓ સામે અવારનવાર દૈનિકમાં
પ્રચાર થાય છે. જે યોગ્ય બાબતે સરકારશ્રીના નિયમો સેવા નિયમો અનુસાર થાય તેવી માંગ ઉઠવા પામેલ છે.

ગોધરા કસ્બાના સર્વે નં.૬૫૯/૧, ૬૫૯/૨, ૬૫૯/૩ વાળી જમીનોમાં એન.એ.ની જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા હુકમ વગર બાંધકામ કરી એકબીજા ઈસમોને વેચી નાખેલ છે. જે અંગેની શરતભંગની કાર્યવાહી કરવાની થાય છે. તેની યોગ્ય કરાઈ નથી.

સર્વે નં.૬૫૯/૩, ૩૦૧/૯ વાળી જમીનો બિનખેડુતોએ બીજાના નામે કરેલ અંગેની ઉપસચિવ અને જાહેર માહિતી અધિકારી મહેસુલ વિભાગ ગાંધીનગર તા.૨૭/૧/૨૦૨૦ના પત્ર ક્રમાંક ગણત/ત.કે.આ.–૨૨/ઝુ બાબતે નં. મકમ/૨/વશી/૩૭૫ થી ૩૭૬/૨૦૨૦ તા.૧૪/૨/૨૦ થી નાયબ કલેક્ટર અને પ્રાંત ગોધરાને પાઠવેલ છે. તે કર્મચારીઓ દ્વારા ફાઈલ બિડાણ દબાઈ મુકેલ છે. જે તકેદારી આયોગ રેફન્સ હોવા છતાં આજદિન સુધી રેવન્યુ રેકર્ડ ઓફ રાઈટના ચેક લીસ્ટ સાથે સબ ડીવીઝનો મેજીસ્ટેટ અને પ્રાંત અધિકારી એ રીપોર્ટ કરેલ નથી. ખોટા ખેડુતોની ફાઈલ ચલાવી અને તકેદારી આયોગના અહેવાલમાં પ્રાંત અધિકારી ગોધરા દ્વારા લાંબો વિલંબ કરાવેલ છે. આ બાબતે જાગૃત નાગરિક દ્વારા તમામ પ્રાંત કર્મચારીઓને રજુઆતો કરેલ છે.

# શહેરા અણીયાદ ચોકડી પાસે ટ્રક ચાલકે ટેમ્પાને ટકકર મારતાં ચાર વાહનોને નુકશાન

શહેરા,
શહેરા અણિયાદ ચોકડી પાસે પસાર થતા મુખ્ય હાઈવે માર્ગ ઉપર પુરઝડપે ગોધરા તરફ જઈ રહેલ લેલન ટ્રકના ચાલકે ટેમ્પાના પાછળના ભાગે ટક્કર મારતા ટેમ્પો સહિત અર્ટિકા ગાડી અને બે બાઈકને નુકશાન પહોંચ્યું હતું. જ્યારે આ અકસ્માતના બનાવમાં કોઈ જાનહાનિ નહી થવા સાથે સ્થળ ખાતે મોટી લોકટોળા ઉમટી આવ્યા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા નગરમાં અણીયાદ ચોકડી પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપર શુક્રવારની સવારમાં લુણાવાડા તરફથી ગોધરા તરફ જઈ રહેલ લેલન ટ્રકના ચાલકે ટેમ્પાના પાછળના ભાગે ટક્કર મારતા ટેમ્પો માર્ગની બાજુમાં ઉભી રહેલ અર્ટિકા ગાડી અને બે બાઈક ને અડફેટ માં લીધી હતી. હાઈવે માર્ગ ઉપર થયેલા આ અકસ્માતમાં ચાર જેટલા વાહનોને નુકશાન પહોચ્યું હતું. જયારે લેલન ટ્રકનો ચાલક અકસ્માત કર્યા બાદ હાઈવે માર્ગ ઉપર ગાડી મૂકીને ફરાર થઈ ગયો હતો. લેલન ટ્રકનો ચાલક વધુ સ્પીડે ગાડી ચલાવતો હોવાથી અકસ્માત સર્જાયો હોવાનુ જાણવા મળેલ હતું. જોકે, આ બનેલા અકસ્માતમાં મોટી ઘટના બનતી અટકવા સાથે કોઈ જાનહાની થઈ ના હતી. અકસ્માતને લઈને સ્થળ ખાતે મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી આવ્યા હતા.